

# ફાસ્ટ રિવિઝન

## મે ૨૦૨૧

Most IMP
Current Affairs

www.crackgpsc.com

Crack GPSC™

# મે ૨૦૨૧

## (૧ થી ૩૦ એપ્રિલ, ૨૦૨૧)

## સ્પેશ્યલ થેન્ક્સ

**શ્રી એમ. કે. પ્રજાપતિ સાહેબ**
**(ડે. કલેક્ટર)**

**પોતાની વ્યસ્તતામાંથી પણ સમય કાઢીને વિદ્યાર્થીઓ માટે ફ્રી કરન્ટ અફેર્સ, વિવિધ વિષયોની નોટ્સ તથા સતત માર્ગદર્શન આપવા બદલ.**

## We are famous for…

**The Most IMP,**
**Authentic,**
**To the point,**
**Up to date**
**material**



## Most Imp Current Affairs

### 1 એપ્રિલ

- ભારતીય-અમેરિકન ડૉ. વિવેક મૂર્તિ US સર્જન જનરલ નિયુક્ત. ડૉ. વિવેક મૂર્તિ બીજી વખત આ પદ સંભાળશે.
- પાકિસ્તાને પરમાણુ હથિયારોના વહન માટે સક્ષમ બેલેસ્ટિક મિસાઈલ શાહીન-1નું સફળ પરિક્ષણ કર્યું. તેની મારક ક્ષમતા 900 કિ.મી.ની છે.
- નોર્વેમાં વિશ્વની પ્રથમ શિપ ટનલ 'સ્ટેડ શિપ ટનલ' બનશે. 1.7 કિ.મી. લંબાઈ ધરાવતી આ ટનલમાંથી 16,000 ટન સુધીના જહાજ પસાર થઇ શકશે.
- ગુજરાતના ગૃહ વિભાગના 'વિશ્વાસ પ્રોજેક્ટ'ને સેફ સિટી કેટેગરીમાં સ્માર્ટ સિટીઝ ઇન્ડિયા એવોર્ડ આપવામાં આવ્યો. આ પ્રોજેક્ટ અંતર્ગત રાજ્ય સરકારે 7 હજારથી વધુ CCTV કેમેરા લગાવ્યા છે.
- હુરૂન ઇન્ડિયા રિયલ એસ્ટેટ રીચ લિસ્ટ-2020માં 65 વર્ષના મંગલપ્રભાત લોધા અને લોધા જૂથનો પરિવાર સતત ચોથા વર્ષે રૂપિયા 44,270 કરોડ રૂપિયાની સંપતિ સાથે સૌથી અમીર રિયલ એસ્ટેટ ડેવલપર બન્યા.
- કેન્દ્ર સરકારે સૈન્યના નિવૃત્ત શોર્ટ સર્વિસ કમિશન્ડ ઓફિસર્સને રેન્કનો ઉપયોગ કરવાની પરવાનગી આપી.
- ઓક્સફર્ડના વૈજ્ઞાનિકોએ ન્યૂરોઇમેજિંગ ટેકનિકથી ક્યુટનેસની રેટિંગ સિસ્ટમ ડેવલપ કરી, જે અંતર્ગત પુખ્તોમાં ઓર્બિટોફ્રોન્સ્ટલ કોર્ટેક્સ (લાગણીઓ ઉત્પન્ન કરતો મગજનો હિસ્સો) માત્ર 7 જ સેકન્ડમાં એક્ટિવ થઇ જાય છે.
- અનીશ શાહ મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા લિ.ના MD અને CEO નિયુક્ત.
- દિલ્હીમાં આયોજિત ISSF વર્લ્ડ કપમાં ભારતીય નીરજ કુમાર, સ્વપ્નિલ કુસાલે અને ચૈન સિંહની ટીમે 50 મીટર રાઇફલ ઇવેન્ટમાં મેન્સ ટીમનો ગોલ્ડ જીત્યો.
- સૌરભ ગર્ગ UIDAI (યુનિક આઇડેન્ટિફિકેશન ઓથોરીટી ઓફ ઇન્ડિયા)ના CEO નિયુક્ત.
- ટોક્યો ઓલિમ્પિકની મશાલ રીલે શરૂ. જે 121 દિવસમાં 47 પ્રાંતમાંથી પસાર થઈને 23 જુલાઇએ ઓલિમ્પિકની શરૂઆત સાથે પૂર્ણ થશે.
- પ્રોપર્ટી કન્સલ્ટન્ટ એનારોકના ત્રિમાસિક રિપોર્ટ અનુસાર ભારતમાં મકાનોના વેચાણમાં 29%નો વધારો.
- સુશીલ કુમાર બીજી વખત સ્કુલ ગેમ્સ ફેડરેશન ઓફ ઇન્ડિયા (SGFI)ના અધ્યક્ષ નિયુક્ત.




- કર્ણાટકના હાસન જિલ્લામાં બેલુર ખાતે થઇ રહેલ તળાવના ખોદકામ દરમ્યાન ભગવાન વિષ્ણુના ચતુર્ભુજ અવતારની 5.5 ફૂટની અંદાજે 900 વર્ષ જૂની હોયસલ કાળની મૂર્તિ મળી આવી. દક્ષિણ ભારતમાં 10મીથી 14મી સદી સુધી હોયસલ વંશનું રાજ હતું.
- નાસાએ મંગળ પર મોકલેલ પર્સિવરન્સ રોવરમાંથી 'ઇંજિન્યૂટી' ચોપર (હેલિકોપ્ટર) અલગ પાડવામાં આવશે.
- કોરોના વાઇરસની સારવાર શોધતા શોધતા જર્મનીના વૈજ્ઞાનિક દંપતી ડૉ. ઉગર સાહીન અને ડૉ. ઓજલેમ તુરેસીએ કેન્સર સામે લડવાની પદ્ધતિ શોધી હોવાનો દાવો કર્યો, જે અંતર્ગત આગામી 2 વર્ષમાં કેન્સરની રસી ઉપલબ્ધ થઇ શકશે.
- 1 એપ્રિલ : RBI સ્થાપના દિવસ. ઈ.સ. 1935માં આ દિવસે RBIની સ્થાપના થઇ હતી.

## 2 એપ્રિલ

- ઉમંગ વોહરા ફરીથી મલ્ટીનેશનલ ફાર્મા કંપની સિપલા લિ.ના MD અને ગ્લોબલ CEO નિયુક્ત.
- ચિત્રા નાયક IT કંપની ઇન્ફોસિસનાં સ્વતંત્ર નિદેશક નિયુક્ત.

- રોકાણ અને ખાનગીકરણ અંતર્ગત કેન્દ્ર સરકારે ‘મહારાજા’ તરીકે ઓળખાતી એરલાઈન્સ ‘એર ઇન્ડિયા’ને સંપૂર્ણપણે વેચવાનો નિર્ણય કર્યો.
- TVS મોટર કંપનીએ ગ્લોબલ મોટર વ્હિકલ ઇન્ડસ્ટ્રી આઇકન સર રાલ્ફ સ્પીથની આગામી ચેરમેન તરીકે નિમણૂક કરી, જે 2023માં વીનુ શ્રીનિવાસનનું સ્થાન લેશે.
- ISSF વર્લ્ડ કપમાં વિમેન્સ 25 મીટર પિસ્ટલ ઇવેન્ટમાં ચિંકી યાદવે ગોલ્ડ જીત્યો.
- મૈત્રી એક્વાટેક દ્વારા વિશાખાપટ્ટનમના સ્માર્ટ શહેરના એર કિઓસ્ક અને જળ જ્ઞાન કેન્દ્રથી દુનિયાનું પ્રથમ મોબાઈલ પાણી બનાવ્યું. આ કિઓસ્ક હવામાંથી બનેલ સ્વચ્છ, ખનીજ યુક્ત પીવા લાયક પાણી આપશે.
- ધ ગ્રેટ ખલીને WWE હોલ ઓફ ફેમ-2021માં સામેલ કરવામાં આવ્યા. ભારતના પૂર્વ WWE સુપરસ્ટાર ખલીએ 2006થી 2014 સુધી વિન્સ મેકમોહનની કંપની માટે કાર્ય કર્યું. અત્યાર સુધી WWE હોલ ઓફ ફેમ-2021માં ખલી સહિત એરિક બિશોફ અને મોલી હોલી સામેલ થયા.
- મહાન ગાયિકા આશા ભોંશલેને મહારાષ્ટ્ર ભૂષણ પુરસ્કાર-2020થી સન્માનિત કરવામાં આવશે.
- એશિયામની બેસ્ટ બેંક એવોર્ડ્સમાં HDFC બેંક 'ઇન્ડિયાઝ બેસ્ટ બેંક ફોર SME' માટે પસંદગી પામી.
- જમ્મુ કાશ્મીરનો બડગામ જિલ્લો અને લક્ષદ્વીપ જિલ્લો દેશમાં ટીબી (ક્ષય) મુક્ત ઘોષિત થનાર પ્રથમ જિલ્લા. ભારતમાં દુનિયાના 30% ટીબી દર્દીઓ છે અને 2025 સુધી દેશમાંથી આ રોગને નાબુદ કરવાનું સરકારનું લક્ષ્યાંક છે.
- ઉત્તરપ્રદેશ ટૂંક સમયમાં જ પાંચ ઇન્ટરનેશનલ એરપોર્ટ્સ સાથે દેશનું સૌથી વધુ ઇન્ટરનેશનલ એરપોર્ટ્સ ધરાવતું રાજ્ય બની જશે.
- ભૂમધ્ય સાગરને રાતા સાગર સાથે જોડતી 193.3 કિ.મી. લાંબી સુએઝ કેનાલમાં ચીનથી માલ લઈને નેધરલેન્ડ જતું પનામા કાર્ગો જહાજ 'એવર ગીવન' કેનાલમાં ફસાતા સમુદ્રમાર્ગમાં ટ્રાફિક જામ સર્જાયો.
- કેન્દ્ર સરકારે ઓઈલ કંપનીઓને 100% ઇથેનોલ વેચાણ કરવાની પરવાનગી આપી. કેન્દ્ર સરકારે ઇથેનોલનો સ્ટેન્ડઅલોન ફ્યુઅલ તરીકે ઉપયોગ કરી ઈ-100 ઇંધણના ઉપયોગને મંજુરી આપી.
- સુપ્રીમ કોર્ટે સાઈરસ મિસ્ત્રીને ટાટા ગ્રુપમાંથી હટાવવાનો નિર્ણય યોગ્ય ગણાવ્યો. 5 વર્ષ પૂર્વે સાઈરસ મિસ્ત્રીને ચેરમેન પદેથી હટાવવા બાબતે વિવાદ સર્જાયો હતો.
- હરિયાણાના ફરીદાબાદ ખાતેના બહુચર્ચિત નિકિતા તોમર હત્યાકાંડના આરોપીઓ તોસિફ અને રેહાનને ફાસ્ટટ્રેક કોર્ટ દ્વારા જનમટીપની સજા અને 20-20 હજાર રૂપિયાનો દંડ આપવામાં આવ્યા.

- કંપનીઝ એક્ટના શિડયુલ -3માં કરવામાં આવેલ ફેરફાર મુજબ દરેક કંપનીએ 1 એપ્રિલથી ફરજિયાતપણે ક્રિપ્ટોકરન્સીમાં કરેલ રોકાણની વિગત આપવી પડશે.
- એમ. અન્ન દુરાઇએ IOC-ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશનના ગુજરાતના એક્ઝીક્યુટીવ ડિરેક્ટર તથા રાજ્યના વડા તરીકે કાર્યભાર સંભાળ્યો.
- આંધ્રપ્રદેશના DGP ગૌતમ સવાંગને સર્વશ્રેષ્ઠ DGPનો એવોર્ડ આપવામાં આવ્યો.
- ભારત સરકાર દ્વારા નોન-રેસિડેંટ ઈ-કોમર્સ ઓપરેટર્સ પર લાદવામાં આવેલ સર્વિસ ટેક્સનાં વિરોધમાં અમેરિકાએ ભારતથી આયાત થતી વસ્તુઓ પર 25% ટેક્સ લગાવ્યો. ઝીંગા, માછલી, બાસમતી ચોખા, સોના-ચાંદીના ઘરેણા, વાંસના ઉત્પાદનો, સિગારેટ પેપર જેવી વસ્તુઓનો તેમાં સમાવેશ થાય છે.

## 3 એપ્રિલ

- અમેરિકાની ઓક રિજડ નેશનલ લેબોરેટરીના અહેવાલ અનુસાર આવનાર દાયકાઓમાં ભારત સહિતનાં દક્ષિણ એશિયાના દેશોમાં ભીષણ હીટ વેવ પ્રવર્તશે. જળવાયુ પરિવર્તન વચ્ચે તાપમાનને 1.5%ની સપાટીએ રાખવાનો લક્ષ્યાંક છે. પરંતુ તે વધી જતા હીટ વેવ સર્જાશે.
- ભારતની મહિલા અને પુરૂષ ટીમે ISSF વર્લ્ડ કપમાં ટ્રેપ ટીમ ઈવેન્ટ્સમાં બંને ગોલ્ડ જીત્યા.
- રાજાજી ટાઇગર રિઝર્વ, ઉત્તરાખંડની મોતી રેન્જના રેન્જ અધિકારી મહિંદર ગિરીએ સંરક્ષણ પ્રત્યે પોતાના યોગદાન માટે પ્રતિષ્ઠિત ઇન્ટરનેશનલ રેન્જર એવોર્ડ જીત્યો. તેઓ આ એવોર્ડ જીતનાર એશિયાના એકમાત્ર રેન્જર બન્યા.
- મેરિકો ઇન્ડસ્ટ્રીઝના ચેરમેન હર્ષ મારીવાલાની 'EY Entrepreneur of the Year 2020' માટે પસંદગી કરવામાં આવી.
- TB મુક્ત ભારત માટે સ્વાસ્થ્ય મંત્રી ડૉ. હર્ષવર્ધન દ્વારા 'Tribal TB Initiative' શરૂ કરવામાં આવ્યું.
- સ્ટીલ ઓથોરીટી ઓફ ઇન્ડિયા (SAIL)નાં ચેરપર્સન સોમા મોંડલ સાર્વજનિક ઉધમોના સ્થાઇ સંમેલન SCOPEનાં અધ્યક્ષ નિયુક્ત, જ્યારે IREDAના CMD પી. કે. દાસ SCOPEના વાઇસ-પ્રેસિડેન્ટ નિયુક્ત.
- સંજીવ રાજપૂત અને તેજસ્વિની સાવંતે ISSF વર્લ્ડ કપમાં મિક્સ્ડ ટીમ ઇવેન્ટની 50 મીટર રાઇફલ 3 પોઝિશનમાં ગોલ્ડ જીત્યો.
- ગુજરાત વિધાનસભામાં પસાર કરવામાં આવેલ 'ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય કાયદા સુધારા બિલ (ફ્રીડમ ઓફ રિલીજન એક્ટ-2003) અંતર્ગત લવ જેહાદ પર સજા નક્કી કરવામાં આવી. આ કાયદા અનુસાર વિવાહ દ્વારા બળજબરીથી દગાબાજીથી ધાર્મિક રૂપાંતરણને દંડિત કરે છે, જેના આરોપી માટે દસ વર્ષની સજા અને 5 લાખ રૂપિયા સુધીના દંડની જોગવાઈ છે.

- ગુજરાત સરકારે અંબાજી, પાવાગઢ અને ગિરનાર બાદ હવે ચોટીલા ધામમાં પણ રોપ-વે શરૂ કરવાની જાહેરાત કરી.
- જૂનાગઢ જિલ્લાની વંથલી નગરપાલિકાનું નામ બદલીને 'વામનસ્થલી નગરપાલિકા' કરવામાં આવશે.
- મરાઠી લેખક ડૉ. શરણકુમાર લિમ્બોલે કે. કે. બિરલા ફાઉન્ડેશન દ્વારા 2018ના તેમના પુસ્તક 'સનાતન' માટે સરસ્વતી સન્માન-2020થી સન્માનિત.
- ક્રિસ્ટીયાનો રોનાલ્ડોના આર્મબેન્ડની હરાજી કરવામાં આવશે. આ આર્મબેન્ડ સ્ટેડિયમમાં કામ કરતા વર્કર પાસેથી એક ચેરિટી ગૃપે 6 માસના બાળકની સર્જરી માટે ભંડોળ એકત્રિત કરવા માટે મેળવ્યું. ઉલ્લેખનીય છે કે રોનાલ્ડોએ આ આર્મબેન્ડ ગુસ્સામાં આવીને મેદાનમાં જ ફેંકી દીધું હતું.
- ગુજરાત રાજ્યમાં Essar Hazira Ferry Terminal દ્વારા સુરત-દિવ ક્રૂઝ સર્વિસનો શુભારંભ. આ પ્રોજેક્ટ મેરીટાઈમ ઇન્ડિયા વિઝન-2030 અંતર્ગત છે, જેનો હેતુ ભારતના મેરીટાઈમ ક્ષેત્રમાં વિકાસનો છે.
- જામનગરના મસીતીયા ગામમાં રજવાડાના સમયથી ઉજવવામાં આવતી અશ્વદોડ અને ગાડાદોડની હરીફાઈમાં બાદશાહ-307 નામનો ઘોડો પ્રથમ ક્રમ આવ્યો.
- 3 એપ્રિલથી ઝારખંડના સિમડેગા જિલ્લામાં યોજાનાર રાષ્ટ્રીય જુનિયર મહિલા હોકી ચેમ્પિયનશિપ સ્થગિત કરવામાં આવી. 11 ખેલાડીઓ અને કોચ COVID-19 પોઝિટીવ આવતા આ નિર્ણય લેવાયો.

## 4 એપ્રિલ

- સાઈબર સિક્યુરિટી રિસર્ચર રાજશેખર રાજહરિયા અને ફ્રેંચ સાઈબર સિક્યુરિટી એક્સપર્ટ ઇલિયટ એન્ડર્સને પેમેન્ટ પ્લેટફોર્મ મોબિક્વિક દ્વારા 10 કરોડ ભારતીયોનો ડેટા હેકર ફોરમ 'ડાર્ક વેબ' પર વેચવા મુકાયો હોવાનો દાવો કર્યો.
- ઓલિમ્પિક ચેમ્પિયન સ્કીયર ડેનિયલે સ્કાઈજમ્પિંગ વર્લ્ડકપમાં સંતુલન ગુમાવતા અકસ્માતમાં તેમના કોલર બોનને ઈજા.
- BCCIની IPL-2021ની નવી ગાઈડલાઈન્સ મુજબ ટીમે 90 મિનીટમાં જ ઇનિંગ્સ પૂર્ણ કરવી પડશે, જેમાં 85 મિનિટ રમત અને 5 મિનિટ ટાઇમઆઉટની રહેશે.
- UNICEFના એક અનુમાન મુજબ કોરોનાને કારણે શાળાઓ બંધ રહેતા બાળમજૂરીનો દર 105% વધ્યો.
- રાષ્ટ્રીય ધ્રુવીય અને મહાસાગર સંશોધન કેન્દ્ર દ્વારા હિમાલય ગ્લેશિયર્સની જાડાઈનો અંદાજ મેળવવા માટે ભારત હવાઈ રડાર દ્વારા સર્વે કરશે.

- દક્ષિણ ભારતના સુપરસ્ટાર અભિનેતા રજનીકાન્તને દાદા સાહેબ ફાળકે એવોર્ડ-2019 આપવામાં આવશે. દાદા સાહેબ ફાળકે સન્માન ભારતીય સિનેમાનું સર્વોચ્ચ સન્માન છે.
- વિરાટ કોહલી ICC ODI રેન્કિંગમાં પોતાનું શીર્ષ સ્થાન યથાવત રાખ્યું. રોહિત શર્મા પાકિસ્તાનના બાબર આઝમ બાદ ત્રીજા ક્રમે.
- વન ડે સિરીઝ દરમ્યાન શ્રેયસ ઐય્યરને ડાબા ખભે ઈજા થતા ઋષભ પંત IPL-2021 માટે દિલ્હી કેપિટલ ટીમના કેપ્ટન ઘોષિત. ઋષભ પ્રથમ વખત IPLમાં કેપ્ટન બનશે.
- એગ્નેસ કેલમર્ડ એમનેસ્ટી ઇન્ટરનેશનલનાં નવા મહાસચિવ નિયુક્ત.
- 2 વર્ષ બાદ પાકિસ્તાન ફરીથી ભારતમાંથી ખાંડ અને કપાસની આયાત શરૂ કરશે.
- હિતાશી અમેરિકન સોફ્ટવેર કંપની GlobalLogicનું 6 બિલિયન ડોલર્સમાં અધિગ્રહણ કરશે.
- ONGCના ડિરેક્ટર (ફાયનાન્સ) સુભાષ કુમારને ONGCના CMDનો વધારાનો કાર્યભાર આપવામાં આવ્યો.
- દેશના પ્રથમ પર્યાવરણ મંત્રી તથા ગુજરાતના વાંકાનેરના વિધાયક દિગ્વિજયસિંહ ઝાલાનું નિધન. તેઓ ઈ.સ. 1982થી 1984 સુધી દેશના પ્રથમ પર્યાવરણ મંત્રી પદે રહ્યા હતા.

## 5 એપ્રિલ

- મુખમિત ભાટિયા ESICના ડિરેક્ટર જનરલ નિયુક્ત.
- લુઇસ હેમિલ્ટને બેહરીન ગ્રાન્ડ પ્રિક્સ-2021નો ખિતાબ જીત્યો.
- વર્લ્ડ બેંકે ચાલુ વર્ષે ભારતનો GDP ગ્રોથ 10.1% રહેવાનો અંદાજ વ્યક્ત કર્યો.
- દિલ્હી કેપિટલ ટીમના કેપ્ટન બનતા ઋષભ પંત IPL ઈતિહાસમાં 5મા સૌથી યુવાન કેપ્ટન બન્યા.
- ફ્રીરાઈડ જુનિયર વર્લ્ડ ચેમ્પિયનશિપની સ્નોબોર્ડ મેન્સ ઇવેન્ટમાં અમેરિકાનો નિયો ઈમેરી પ્રથમ સ્થાને.
- જાહિદ કુરેશી ફેડરલ ડિસ્ટ્રીક્ટ જજ નિયુક્ત થનાર અમેરિકાના પ્રથમ મુસ્લિમ વ્યક્તિ બનશે.
- ભારતીય અમેરિકન રૂપા ગંગા પુટ્ટાગુયા અમેરિકન ડિસ્ટ્રીક્ટ કોર્ટમાં સેવા આપનાર પ્રથમ એશિયન અમેરિકન મહિલા બનશે.
- ACI વર્લ્ડવાઈડના રિપોર્ટ અનુસાર 2025 સુધીમાં ભારતમાં ડિજિટલ પેમેન્ટ ટ્રાન્ઝેક્શન 72% સુધી વધી જશે. 2020માં સૌથી વધુ ઈ-ટ્રાન્ઝેક્શન બાબતે ભારત વિશ્વમાં પ્રથમ સ્થાને છે.
- સ્વ. અભયભાઈ ભારદ્વાજના 67મા જન્મદિન નિમિત્તે રાજકોટ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં નેનો સાયન્સ ભવનમાં 'અભયવન'ની સ્થાપના કરાશે.

- ઇન્ડો-તિબેટીયન બોર્ડર પોલીસે સેવાનિવૃત્ત લડાકુ શ્વાનને 'થેરપીડોગ્સ' તરીકે નિયુક્ત કરવાનો નિર્ણય કર્યો.
- RBIના પૂર્વ ગવર્નર ઉર્જિત પટેલ બ્રિટાનીયા ઇન્ડસ્ટ્રીઝના એડિશનલ ડિરેક્ટર નિયુક્ત.
- અમેરિકાના નવા રાષ્ટ્રપ્રમુખે પૂર્વ રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા મુકવામાં આવેલ શ્રમિકોના વીઝા H-1B પરનો પ્રતિબંધ હટાવવાની ઘોષણા કરી.
- વર્લ્ડ ઇકોનોમિક ફોરમના 'ગ્લોબલ જેન્ડર ગેપ' રિપોર્ટ અનુસાર 156 દેશોની યાદીમાં ભારત 140મા ક્રમે.
- 5 એપ્રિલ: નેશનલ મેરીટાઇમ ડે. 5 એપ્રિલ, 1919ના રોજ સિંધિયા સ્ટીમ નેવિગેશન કંપની લિ. દ્વારા ભારતનું પ્રથમ જહાજ 'SS લોયલ્ટી' મુંબઈથી લંડન રવાના કરવામાં આવ્યું હતું. સિંધિયા સ્ટીમ નેવિગેશન કંપની લિ.ના સ્થાપક નરોતમ મોરારજી ગુજરાતી હતા. ઈ.સ. 1964થી દરવર્ષે આ દિવસ ઇન્ટરકોન્ટીનલ ઉધોગ અને અર્થવ્યવસ્થાને પ્રોત્સાહન આપવા માટે ઉજવાય છે.

## 6 એપ્રિલ

- ફોજદારી કાર્યરીતિ (ગુજરાત સુધારા) અધિનિયમ-2021 અંતર્ગત કલમ 144 હેઠળના અપરાધની FIR તથા ચાર્જશીટની સત્તા પોલીસને આપવામાં આવી, જે અત્યાર સુધી માત્ર પોલીસ કમિશનર કે મેજિસ્ટ્રેટ પાસે જ હતી.
- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સુધારા વિધેયક અનુસાર ગુજરાતની લઘુમતી શૈક્ષિણક સંસ્થામાં આચાર્ય અને શિક્ષકની નિમણૂક માટે પણ 'TET'ની પરીક્ષા અનિવાર્ય કરવામાં આવી.
- ગુજરાતના જાણીતા કવિ-શાયર-ગઝલકાર ખલીલ ધનતેજસ્વીનું 82 વર્ષની વયે અવસાન થયું. તેઓ ગુજરાતી અને ઉર્દૂ એમ બંને ભાષાઓ પર પ્રભુત્વ ધરાવતા હતા.
- ગૂગલની કંપની વાયમોના CEO જોન ક્રેફીકે પોતાના પદેથી રાજીનામું આપ્યું.
- રિલાયન્સ જિઓએ જિઓગેમ્સ ઇસ્પોર્ટ્સ પ્લેટફોર્મ પર 'કોલ ઓફ ડ્યુટી મોબાઇલ એસેસ ઇસ્પોર્ટ્સ ચેલેન્જ' નામની સ્પર્ધા શરૂ કરશે, જે માટે જિઓએ ક્વોલકોમ સાથે સમજૂતી કરી.
- ટ્રાઇબલ કો-ઓપરેટિવ માર્કેટિંગ ડેવલપમેન્ટ ફેડરેશન લિ. (TRIFED)એ આદિવાસી શિલ્પ, સંસ્કૃતિ અને જીવનશૈલીને પ્રોત્સાહન આપવા માટે MyGov.inના સહયોગથી 'બી ધ બ્રાન્ડ એમ્બેસેડર ઓફ ટ્રાઈબ્સ ઇન્ડિયા' અને 'બી અ ફ્રેન્ડ ઓફ ટ્રાઈબ્સ ઇન્ડિયા' નામની બે સ્પર્ધા શરૂ કરી.
- આંધ્રપ્રદેશના રાજ્યપાલ બિસ્વા ભૂષણ હરિચંદનને 'કલિંગ રત્ન પુરસ્કાર-2021'થી નવાજવામાં આવ્યા.

- મેન્સ બોક્સિંગ વર્લ્ડ ચેમ્પિયનશિપ-2023 ઉઝબેકિસ્તાનની રાજધાની તાશ્કંદમાં યોજાશે.
- તેલંગાનાના રામાગુંડમમાં 100 મેગાવોટની ક્ષમતાવાળો ભારતનો સૌથી મોટો ફ્લોટિંગ (તરતો) સોલાર એનર્જી પ્લાન્ટ સ્થાપવામાં આવશે. ઉલ્લેખનીય છે કે 600 મેગાવોટ ક્ષમતા ધરાવતો દુનિયાનો સૌથો મોટો સોલાર પાવર પ્લાન્ટ મધ્યપ્રદેશમાં નર્મદા નદી પર ઓમકારેશ્વર ડેમ પર નિર્માણ પામી રહ્યો છે.
- કેન્દ્રીય શિક્ષણ મંત્રી રમેશ પોખરિયાલે નેશનલ કાઉન્સિલ ફોર ટીચર્સ એજ્યુકેશન (NCTE)ના વેબ પોર્ટલ માટે 'MyNEP2020' પ્લેટફોર્મ લોન્ચ કર્યું.
- બ્રિટનના ઉત્તર યોર્કશાયરમાં પુરાતાત્વિક શોધ પરથી જાણવા મળ્યું કે નવ પાષાણ કાળના લોકો લગભગ 6000 વર્ષો પહેલા આ ક્ષેત્રમાં મીઠાનું ઉત્પાદન કરતા હતા.
- ફૂટબોલ ક્લબ રિયલ સોસિદાદે બિલબાઓ ટીમને હરાવીને કોપા ડેલ રે-2020નો ખિતાબ જીત્યો.
- અમિત ચઢ્ઢા L&T ટેકનોલોજી સર્વિસીસના CEO અને MD નિયુક્ત.
- ટ્રેક્ટર એન્ડ ટ્રેક્ટર ફાર્મ ઇક્વિપમેન્ટ (TAFE) લિ.નાં CMD મલ્લિકા શ્રીનિવાસન પબ્લિક એન્ટરપ્રેન્યુઅર સિલેક્શન બોર્ડ (PESB)નાં અધ્યક્ષ નિયુક્ત.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા 6થી 14 એપ્રિલ સુધી દેશભરમાં 'કોવિડ એપ્રોપ્રિએટ બિહેવિઅર કેમ્પેન' ચલાવવાનો નિર્ણય.
- વિશ્વમાં પ્રથમ વખત ઈરાકના મોસૂલ શહેરમાં ત્રણ ગુપ્તાંગ ધરાવનાર બાળકનો જન્મ થયો. આ પ્રકારની ઘટનાને 'ટ્રીપહેલિયા' કહેવાય છે.

## 7 એપ્રિલ

- શિકાગોમાં યોજાનાર મિસીઝ ગેલેક્સી ચેમ્પિયનશિપ-2021માં વિંગ કમાન્ડર શ્રુતિ ચૌહાણ ભારતનું પ્રતિનિધિત્વ કરશે.
- J&K બેંકના ચેરમેન રાજેશ કુમાર છિબરનો કાર્યકાળ છ માસ માટે વધારવામાં આવ્યો.
- ક્વોલિટી કાઉન્સિલ ઓફ ઇન્ડિયા (QCI)ના પ્રમુખ આદીલ જેનુલભાઈ કેપેસિટી બિલ્ડીંગ કમિશનના અધ્યક્ષ નિયુક્ત.
- 7 એપ્રિલ: વર્લ્ડ હેલ્થ ડે. આ વર્ષની થીમ: સુંદર અને સ્વસ્થ વિશ્વનું નિર્માણ.
- મોટર વ્હિકલ એક્ટ (અમેન્ડમેન્ટ) અનુસાર વારંવાર ટ્રાફિક નિયમોને તોડનાર માટે 'નેમ એન્ડ સહેમ'ની જોગવાઈ કરવામાં આવી, જે અનુસાર અપરાધીનું નામ રાજ્ય પરિવહન વિભાગ દ્વારા તેના પોર્ટલ પર જાહેર કરવામાં આવશે.
- બ્રિટીશ સરકારના પ્રસ્તાવિત પોલીસ, ક્રાઇમ, સેન્ટેન્સિંગ એન્ડ કોર્ટ્સ બિલનો વિરોધ લોકોએ 'કિલ ધ બિલ' સ્લોગનથી કર્યો.

- સ્પોર્ટ્સ બ્રાન્ડ નાઈકે અમેરિકાના બ્રુકલિનની આર્ટ સંસ્થા MSCHF વિરૂદ્ધનો 'શેતાની જૂતા'નો જેસ જીતી લીધો. આ જૂતા નાઈકના 'એર મેક્સ 97 S' મોડલની નકલ હતા.
- સુપર મારિયો બ્રધર્સની 'સુપર મારિયો' વિડીયો ગેમની 35 વર્ષ જૂની નકલ 4.84 કરોડ રૂપિયામાં વેચાઈ.
- RBIએ ડિજિટલ પેમેન્ટ કંપની મોબિક્વિક યુઝર્સ ડેટાલિંક બાબતે તપાસના આદેશ આપ્યા અને તેમાં જો તે આરોપી ઠરે તો 5 લાખ રૂપિયા દંડની જોગવાઈ કરી.
- પોર્ટુગીઝ ક્રિસ્ટીયાનો રોનાલ્ડોનો આર્મબેન્ડ હરાજી દરમ્યાન 75 હજાર ડોલર્સ (લગભગ રૂ. 55 લાખ)માં વેચાયો.
- ક્રોએશિયાના ડાઈવર બુદિમીર બુડા સોમાતે પાણીની અંદર 24 મિનીટ અને 33 સેકન્ડ સુધી શ્વાસ રોકીને રાખીને વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો.
- મહારાષ્ટ્રના ગૃહમંત્રી અનિલ દેશમુખે રાજીનામું આપ્યું.

## 8 એપ્રિલ

- કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ દેશમાં હાઈવે નિર્માણમાં દૈનિક 37 કિલોમીટરની રેકોર્ડ સપાટી સ્પર્શી હોવાનું જણાવ્યું.
- યુરોપિયન સ્પેસ એજન્સી મિકેનિકલ સેટેલાઈટ બનાવશે, જે સ્પેસમાં જઈને જૂના ઉપગ્રહોનું સમારકામ કરશે.
- ઇન્ડિગો એરલાઈન્સે ઇન્ડિગો કાર્ટરપોર્ટર સાથે ભાગીદારીમાં વિમાની પ્રવાસીઓ માટે 'ડોર ટુ ડોર લગેજ ટ્રાન્સફર' સેવાની શરૂઆત કરી. આ સેવા સૌપ્રથમ દિલ્હી અને હૈદરાબાદમાં શરૂ કરાઈ.
- અમેરિકાના અલબામામાં ઈ.સ. 1993થી ખાનગી શાળાઓમાં મુકવામાં આવેલ યોગ પરનો પ્રતિબંધ અમેરિકન સેનેટ દ્વારા યથાવત રાખવામાં આવ્યો.
- ઉત્તરપ્રદેશના લખીમપુર ખીરી જિલ્લાના દુધવા વાઘ અભયારણ્યમાં આગ લાગતાં જંગલના 100 વિસ્તારને અસર થઇ.
- અનિલ અંબાણી ગ્રૂપની રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું સાંતા ક્રુઝ ખાતેનું રિલાયન્સ સેન્ટર 1200 કરોડ રૂપિયામાં યસ બેંકને વેચવામાં આવ્યું.
- દેશમાં ટ્રાફિકના મેમો (ચલણ) ભરવા માટે ઈ-કોર્ટ શરૂ કરવામાં આવશે, જે માટે કેન્દ્ર સરકારે 25 રાજ્યોને ભંડોળ આપ્યું.
- DFGT (Directorate General of Foreign Trade)ના નવા પરિપત્ર મુજબ હવેથી ઈમ્પોર્ટર અને એક્સપોર્ટરે 90 દિવસની અંદર ઈમ્પોર્ટ એક્સપોર્ટ કોડ (IEC) રીન્યૂ કરવાનો રહેશે.

- અમેરિકાની બ્રાઉન યુનિવર્સિટીએ પેરલાઇઝ્ડ દરદીઓ પર વાયરલેસ બ્રેન કમ્પ્યુટર ઇન્ટરફેસ (BCI) સિસ્ટમ 'બ્રેન ગેટ'નું સફળ પરિક્ષણ કર્યું.
- કેન્દ્ર સરકારે ઉત્તર પ્રદેશમાં અયોધ્યાથી ચિત્રકૂટ સુધી 210 કિલોમીટર લાંબો રસ્તો બનાવવાની જાહેરાત કરી. આ એ માર્ગ છે જ્યાંથી ભગવાન રામ વનવાસ ગયા હતા. આ રસ્તો ફૈઝાબાદ, સુલતાનપુર, પ્રતાપગઢ, જેઠવારા, શ્રુંગવેરપુર, મંઝનપુર અને રાજપુરમાંથી પસાર થશે.
- બોલીવુડનાં પીઢ અભિનેત્રી પદ્મ શ્રી શશીકલાનું 88 વર્ષની વયે નિધન. તેમની પ્રથમ ફિલ્મ જિન્નત હતી. તેમણે તીનબત્તી ચાર રાસ્તા, હમજોલી, સરગમ, નીલકમલ અને અનુપમા જેવી વિખ્યાત ફિલ્મોમાં કામ કર્યું હતું.
- ફેસબુકના 53.3 કરોડ જેટલા યુઝર્સનો ડેટા ઓનલાઇન વેચવા માટે મૂકવામાં આવ્યો, જેમાં ફેસબુકના માર્ક ઝુકરબર્ગના મોબાઇલ નંબરનો પણ સમાવેશ છે.
- ઇન્ડોનેશિયા અને પૂર્વ તિમોરમાં ઉષ્ણકટીબંધીય ચક્રવાત 'સેરોજે'ને કારણે ભૂસ્ખલન અને પૂરની પરિસ્થિતિ સર્જાઇ.
- ગુજરાતના પૂર્વ DGP શબ્બીર હુસેન ખાંડવાવાલા BCCIના એન્ટી-કરપ્શન યુનિટના હેડ નિયુક્ત, જે રાજસ્થાનના પૂર્વ DGP અજિતસિંહનું સ્થાન લેશે.

## 9 એપ્રિલ

- બ્રિટન સરકારે દરેક નાગરિકને સપ્તાહમાં બે વખત કોરોના ટેસ્ટ કરાવવાનો આદેશ કર્યો.
- 'The Verge'ના રિપોર્ટ અનુસાર YouTube હવે Dislike બટન દૂર કરશે, જેથી કોઇ ચોક્કસ વ્યક્તિ કે સંસ્થાને ટાર્ગેટ કરવાનું બંધ થશે.
- ગૂગલના ઇનહાઉસ ઇન્ક્યુબેટર એરિયા 120એ એક ડોક્યુમેન્ટ સ્કેનિંગ એપ 'ગૂગલ સ્ટેક' લોન્ચ કરી.
- DRDOએ એડવાન્સ્ડ ચાફ ટેક્નોલોજી વિકસાવી, જે નૌકાદળના જંગી જહાજોને દુશ્મનની મિસાઇલથી બચાવશે.
- ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદનોમાં અગ્રેસર સાઉથ કોરિયાની કંપની LG (લાઇફ'સ ગુડ) ઇલેક્ટ્રોનિક્સે મોબાઇલ બિઝનેસ બંધ કરવાની જાહેરાત કરી.
- અદાણી પોર્ટ દ્વારા કૃષ્ણાપટ્ટનમ બંદરની બાકીની 25% ભાગીદારી રૂ. 2800 કરોડમાં ખરીદી લેવાતા તે દેશની સૌથી મોટી 'પોર્ટ ઓપરેટીંગ કંપની' બની.
- તરૂણ બજાજ ભારતના નવા રેવન્યુ સેક્રેટરી નિયુક્ત.
- IMFએ વર્ષ 2021-22 માટે ભારતનો GDP રેટ 12.5% રહેવાનો અંદાજ કર્યો.
- કેન્દ્ર સરકારે કરચોરીના આરોપસર ચીની કંપની બાઇટડાન્સને 1.1 કરોડ ડોલર ભરવાનો આદેશ આપ્યો.

- અજય શેઠ આર્થિક બાબતોના સચિવ તથા અનિલ કુમાર ઝા આદિજાતિ મંત્રાલયના સચિવ નિયુક્ત.
- SEBIએ વર્ષ 2022 પહેલા મૂડીરોકાણની દ્રષ્ટિએ ટોચની 500 કંપનીઓને ચેરમેન અને MD માટેની ભૂમિકા અલગ પાડવા માટે નિર્દેશ કર્યો.
- ઈ.સ. 1971ના ભારત-પાકિસ્તાન યુદ્ધમાં પાયદળને જીત તરફ લઇ જનાર લેફ્ટનન્ટ જનરલ પિંટોનું નિધન.
- જ્ઞાનેશ કુમાર સંસદીય બાબતોના મંત્રાલયના સચિવ નિયુક્ત.
- વિરાટ કોહલી ડિજિટ ઈન્સ્યોરન્સના બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત.
- કઝાકિસ્તાનના રક્ષા મંત્રી લેફ્ટનન્ટ જનરલ નુરલાન યરમેકબયવ જોધપુર અને જેસલમેરની યાત્રાએ.

## 10 એપ્રિલ

- 10 એપ્રિલ: વર્લ્ડ હોમિયોપેથી ડે. આ વર્ષની થીમ - Homeopathy-Roadmap for Integrative Medicine
- ગીર સીમનાથ જિલ્લાના પ્રવાસન ઉદ્યોગને આકર્ષવા માટે 'ઇનસાઇડ ગીર સોમનાથ' નામની એપ્લીકેશન લોન્ચ કરવામાં આવી.
- ફોર્બ્સના એન્યુઅલ વર્લ્ડ્સ બિલિયોનર્સ લિસ્ટમાં એમેઝોનના સંસ્થાપક જેફ બેસોઝ સતત ચોથા વર્ષે પ્રથમ ક્રમે. એલન મસ્ક બીજા ક્રમે. સૌથી અમીર ભારતીય મુકેશ અંબાણી 10મા ક્રમે.
- જમ્મુ-કાશ્મીરમાં ચિનાબ નદી પર દુનિયાના સૌથી ઊંચા રેલવે બ્રિજના આર્કનું કાર્ય પૂર્ણ થયું.
- ઇન્દેશ્વર પાંડે ડીપાર્ટમેન્ટ ઓફ એડમિનિસ્ટ્રેટીવ રિફોર્મ્સ એન્ડ પબ્લિક ગ્રીવન્સીઝના સચિવ નિયુક્ત.
- જતિન્દ્ર નાથ સ્વેઈન ડીપાર્ટમેન્ટ ઓફ ફિશરીઝના સચિવ નિયુક્ત.
- અંકલેશ્વરના કલાકાર જયદીપ વેકરીયા 'ગુજરાત સીને મીડિયા એવોર્ડ'થી સન્માનિત.
- એસ. રમન સ્મોલ ઇન્ડસ્ટ્રીઝ એન્ડ ડેવલપમેન્ટ બેંક ઓફ ઇન્ડિયા (SIDBI)ના અધ્યક્ષ અને MD નિયુક્ત.
- કૃષિ મંત્રી નરેન્દ્ર તોમરે મધ અને અન્ય મધમાખી ઉત્પાદનોના ટ્રેસબિલીટી સ્રોતને સક્ષમ બનાવવા માટે રાષ્ટ્રીય મધમાખી બોર્ડ (નેશનલ બી બોર્ડ)ની એક પહેલ તરીકે 'મધુક્રાંતિ પોર્ટલ' લોન્ચ કર્યું.
- નેત્રા કુમનન ઓલિમ્પિક માટે ક્વોલીફાઇ થનાર પ્રથમ ભારતીય મહિલા નાવિક બન્યાં.

- RXIL (Receivables Exchange of India Ltd.) 1000 કરોડ રૂપિયાના માસિક થ્રૂપુટને પાર કરનાર પ્રથમ TReDS પ્લેટફોર્મ બન્યું.
- ભારતનાં પ્રથમ મહિલા ક્રિકેટ કોમેન્ટેટર ચંદ્રા નાયડુનું નિધન.
- કાર્લ બિલ્ટ ACT (એક્સેસ ટુ કોવિડ-19 ટૂલ્સ) -એક્સેલરેટર માટે WHOના સ્પેશિયલ એન્વોય (વિશેષ રાજદૂત) નિયુક્ત.
- ક્રિકેટર પૃથ્વી શો સ્પોર્ટ્સએક્સચેન્જના બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત.
- રામ કરન વર્મા ગેબોનમાં આગામી ભારતીય રાજદૂત નિયુક્ત.
- વોજોસા ઉસ્માની કોસોવોનાં બીજા મહિલા રાષ્ટ્રપતિ નિયુક્ત.
- વોલમાર્ટનાં પૂર્વ કાર્યકારી અધિકારી સુભા તાતાવર્તી વિપ્રો લિ.નાં ચિફ ટેકનોલોજી ઓફિસર નિયુક્ત.
- RBIએ મોનેટરી પોલીસી અંતર્ગત રેપો રેટ 4% અને રિવર્સ રેપો રેટ 3.35% યથાવત રાખ્યા.
- કોરોના વિરૂદ્ધના રસીકરણને પ્રોત્સાહન આપવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 11થી 14 એપ્રિલ સુધી 'ટીકા ઉત્સવ' ઉજવવાની જાહેરાત કરી. 11 એપ્રિલ- જ્યોતિબા ફૂલે જયંતી અને 14 એપ્રિલ- આંબેડકર જયંતી.

## 11 એપ્રિલ

- PPF પર વ્યાજ દર 7.1%થી ઘટાડીને 6.4% કરવામાં આવ્યો, જે છેલ્લા 46 વર્ષોમાં સૌથી ઓછો વ્યાજ દર છે.
- શ્રીલંકાના એટર્ની જર્નલ દાપ્પુલા દ લિવેરાએ આતંકવાદી પ્રવૃત્તિ સાથે જોડાયેલ ISIS અને અલકાયદા જેવા 11 કટ્ટરપંથી સંગઠનો સામે પ્રતિબંધ મૂકવાનું જણાવ્યું.
- નાસાના માર્સ ઓડિસી અંતરિક્ષ યાને મંગળ ગ્રહ પર 20 વર્ષ પૂર્ણ કરતા તે મંગળ પર કામ કરનાર સૌથી જુનું અંતરિક્ષ યાન બન્યું.
- વિપ્રો લિ.એ પોતાના ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડના સંચાલન માટે MD તરીકે સારા એડમ-ગેજની નિયુક્તિ કરી.
- ઉષા રાવ મોનારી UNDPના અંડર સેક્રેટરી જનરલ અને એસોસિએટ એડમિનિસ્ટ્રેટર નિયુક્ત.
- પંજાબી સિનેમાના અમિતાભ બચ્ચન તરીકે ઓળખાતા અભિનેતા સતીશ કોલનું કોરોના વાઈરસને કારણે નિધન.
- નાઈઝીરીયાના રાષ્ટ્રપતિ મોહમ્મદ બઝોમે આઉહમોદો મહમદોઉને દેશના વડાપ્રધાન નિયુક્ત કર્યા.
- US નેવિએ હિંદ મહાસાગરમાં ભારતીય જળસીમામાં ભારત સરકારની પરવાનગી વગર 'ફ્રીડમ ઓફ નેવિગેશન' ઓપરેશન શરૂ કર્યું.

- બ્રિટનની મહારાણી એલિઝાબેથ બીજાંનાં પતિ પ્રિન્સ ફિલિપનું 99 વર્ષની વયે નિધન.
- પોલેન્ડ ખાતે યોજાનાર વર્લ્ડ એથ્લેટિક્સ રિલે માટે હિમા દાસ અને દૂતી ચંદનો 4X100 મીટર ટીમમાં સમાવેશ થયો.
- બ્રાઝિલની સાઓ પાઉલો યુનિવર્સિટીના ઇન્સ્ટીટ્યુટ ઓફ બાયોસાયન્સના હ્યુમન જિનોમ એન્ડ સ્ટેમ રીસર્ચ સેન્ટરે ઉંદરોના લિવરના નિર્માણ બાદ મનુષ્યનું લિવર બનાવવાની શરૂઆત કરી.
- અમેરિકાની બોસ્ટન સ્થિત સોસાયટી ઓફ ઇથનોબાયોલોજી દ્વારા ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી (જુનાગઢ)ના પ્રોફેસર ડૉ. રાજેશ ડી. રવિયાને ટેકનોલોજી ગ્રાન્ડ એવોર્ડ-2021 એનાયત. આ સિદ્ધિ મેળવનાર તેઓ ભારતના એકમાત્ર વનસ્પતિશાસ્ત્રી બન્યા.
- દેશમાં વ્હાઇટ ગુડ્ઝની આયાત ઘટાડવા અને ઘરઆંગણે તેનું ઉત્પાદન વધારવા માટે કેન્દ્ર સરકારે ફ્રીઝ, AC, વોશિંગ મશીન માટે PLI (પ્રોડક્શન લિન્ક્ડ ઇન્સેન્ટીવ) સ્કીમને મંજૂરી આપી.
- પુષ્પિકા ડી' સિલ્વાને મિસિસ શ્રીલંકા સૌંદર્ય સ્પર્ધા-2021ની વિજેતા જાહેર કરવામાં આવતાં કેરોલીન જૂરીએ તેનો વિરોધ કરતા જણાવ્યું કે પુષ્પિકા ડિવોર્સી હોવાથી આ એવોર્ડ માટે લાયક નથી.
- FIFAએ પાકિસ્તાન ફૂટબોલ સંઘ પર પ્રતિબંધ લગાવ્યો. પાકિસ્તાન ફૂટબોલ સંઘની ચૂંટણીમાં કોઇ ત્રીજા પક્ષની દખલગિરિને કારણે FIFAએ આ નિર્ણય લીધો. આ પહેલા પણ FIFAએ ઓક્ટોબર-2017થી માર્ચ-2018 સુધીના છ માસ માટે પાકિસ્તાન પર પ્રતિબંધ મૂક્યો હતો. પાકિસ્તાન ઈ.સ. 1948થી FIFAનું સભ્ય છે.
- વારાણસી સિવિલ કોર્ટે વારાણસીના કાશી વિશ્વનાથ મંદિર-જ્ઞાનવાપી મસ્જિદ પરિસરનું પુરાતત્વીય સર્વેક્ષણ કરવાની મંજૂરી આપી.
- કોવિશિલ્ડ વેક્સિનની શેલ્ફલાઇફ 6 માસથી વધારીને 9 માસ કરવાની સીરમ ઇન્સ્ટીટ્યુટની દરખાસ્ત WHOએ નામંજૂર કરી.

## 12 એપ્રિલ

- IMF (ઇન્ટરનેશનલ મોનેટરી ફંડ)ના અહેવાલ મુજબ ભારતનું દેવું 74%થી વધીને 90% થયું.
- IIT-ખડગપુરના ડીપાર્ટમેન્ટ ઓફ મિકેનિકલ એન્જિનિયરીંગના ફેકલ્ટી મેમ્બર સુમન ચક્રવર્તીને સાયન્ટીફીક રિસર્ચ માટે 30મા GD બિરલા એવોર્ડથી સન્માનિત કરવામાં આવશે.
- શ્રીલંકા 17મી BIMSTEC બેઠકની અધ્યક્ષતા કરશે.

- જાકાર્તા એશિયન ગેમ્સમાં 100 અને 200 મીટર કેટગરીમાં સિલ્વર જીતનાર દૂતી ચંદને 'છત્તીસગઢ વીરની પુરસ્કાર'થી સન્માનિત કરવામાં આવશે.
- રાયન કોહેન ગેમસ્ટોપના અધ્યક્ષ નિયુક્ત.
- એમ. એસ. ધોની અને તેમના પત્ની સાક્ષી ધોનીના પ્રોડક્શન હાઉસ ધોની એન્ટરટેનમેન્ટ પ્રા. લિ.એ બ્લેક-વ્હાઈટ ઓરેન્જ (BWO) બ્રાન્ડ્સ પ્રા. લિ. સાથે મળીને એક જાસૂસ એજન્ટ એનિમેટેડ યુનિવર્સ બનાવ્યું. આ સંયુક્ત ઉધમ દ્વારા નિર્મિત એક એનિમેશન ફિક્શન શો 'કેપ્ટન-7' 2022માં લોન્ચ કરવામાં આવશે, જે એમ. એસ. ધોની પર આધારિત એક શો છે.
- તાંત્રિક વિધા અને ધર્મ પરિવર્તન પર નિયંત્રણ લાવવા માટે અશ્વની ઉપાધ્યાય દ્વારા કરવામાં આવેલ રાજ્ય અને કેન્દ્ર સરકારને નિર્દેશ આપવાની માંગણીની અરજી સુપ્રીમ કોર્ટે નકારતાં કહ્યું કે 18 વર્ષથી વધુ વયના નાગરિકોને પોતાનો ધર્મ પસંદ કરવાનો અધિકાર છે.
- નાણાકીય વર્ષ 2020-21માં પ્રત્યક્ષ કરની કુલ આવક રૂપિયા 9.95 લાખ કરોડ હતી, જે બજેટમાં સુધારેલ અંદાજ કરતા 4.42% વધુ રહી.
- નોર્વેના વડાપ્રધાન એર્ના સોલ્બર્ગે લોકડાઉનના નિયમનું ઉલ્લંઘન કરતા તેમને 1.75 લાખ રૂપિયાનો દંડ કરવામાં આવ્યો.
- ઈજિપ્તમાં ખોદકામ કરતાં 3500 વર્ષ જૂના નગરના અવશેષો મળી આવ્યા, જેમાં પ્રાણીઓના હાડપીંજર, માટીના જગ, મકાનો, શેરીઓ વગેરેનો સમાવેશ થાય છે. આ નાગર તુતેનખામુનના દાદાએ વિકસાવ્યું હોવાનું અનુમાન છે.
- ફેસબુક બાદ LinkdInના 50 કરોડ યુઝર્સનો પર્સનલ ડેટા લીક કરાયો.
- ગાંધીનગરના માણસા તાલુકાના વિહાર નજીક વિહારીયા હનુમાન મંદિર પાસે પુરાતત્વીય ખોદકામ દરમ્યાન દીવાલ તથા 65 પગથીયાનું બાંધકામ મળી આવ્યું.

## 13 એપ્રિલ

- 13 એપ્રિલ: જલિયાવાલા બાગ હત્યાકાંડની 102જી વર્ષગાંઠ. ઈ.સ. 1919માં આ દિવસે બ્રિટીશ અધિકારી જનરલ ડાયરે જલિયાવાલા બાગ ખાતે એકત્રિત થયેલ લોકો પર અંધાધૂંધ ગોળીબાર કરાવીને સેંકડો લોકોને મારી નાખ્યા હતા.
- 13 એપ્રિલ: ગુડી પડવો, ચેટી ચાંદ, તેલુગુ નવવર્ષ ઉગાદી. મહારાષ્ટ્રમાં ગુડી પડવાનો પર્વ અયોધ્યા પરત ફર્યા બાદ ભગવાન શ્રીરામના રાજ્યાભિષેકની ખુશીમાં ઉજવાય છે. તેલુગુ નવવર્ષ 'ઉગાદી'માં બે સંસ્કૃત શબ્દ 'યુગ' (કાલ) અને 'આદિ' (આરંભ) નો સમાવેશ થાય છે.
- જૂનાગઢના પ્રસિદ્ધ સંત મહામંડલેશ્વર વિશ્વંભર ભારતી બાપુનું 93 વર્ષે નિધન થયું.

- મધ્યપ્રદેશમાં આયોજિત ઇન્ડિયાઝ ટોપ મોડલ-2021માં પોરબંદરની કશિશ થાનકીએ પરંપરાગત માલધારી સમાજના પહેરવેશ સાથે 'મિસ ગુજરાત'નો એવોર્ડ જીત્યો.
- રાજસ્થાન સરકારે બાળલગ્નને રોકવાના ભાગ રૂપે લગ્ન કંકોત્રીમાં વર-કન્યાની જન્મ તારીખ લખવાનો નિયમ બનાવ્યો.
- વિરાટ કોહલી સ્માર્ટફોન કંપની VIVOના બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત.
- ભારત અને અમેરિકાના 16 ક્રિકેટર્સે એક મોબાઈલ ક્રિકેટ ગેમિંગ પ્લેટફોર્મ 'રિયલ ક્રિકેટ 20' પર પાંચ ઓવરના ફોરમેટમાં પ્રથમ ઇન્ડો-US ઓનલાઇન ક્રિકેટની કોમ્પિટિશન કરી.
- ચીને એન્ટી-મોનોપોલી ઇન્વેસ્ટીગેશન બાદ અલીબાબા ગ્રુપ પર 18.2 બિલિયન યુઆન (2.8 બિલિયન ડોલર્સ)નો દંડ ફટકાર્યો.
- જાપાનની એક મહિલા એક જીવિત દાતાના ફેફસાનું પ્રત્યારોપણ મેળવનાર વિશ્વની પ્રથમ કોવિડ દર્દી બની. કોરોના વાઇરસને કારણે ફેફસા ફેલ થયા બાદ આ મહિલાને પોતાના પુત્ર અને પતિ પાસેથી મળેલ ફેફસાના પ્રત્યારોપણની પ્રક્રિયા ક્યોટો યુનિવર્સિટી હોસ્પિટલમાં 11 કલાક ચાલી.
- અમેરિકાએ પાકિસ્તાનના માનવ તસ્કરી સંગઠન 'આબિદ અલી ખાન ટ્રાંસનેશનલ સંગઠન પર પ્રતિબંધ મૂક્યો.
- પ્રોક્ટર એન્ડ ગેમ્બલે પોતાની ઇન્ડિયન બ્રાન્ડ એરિયલના અભિયાન માટે વર્લ્ડ એડવર્ટાઈઝ રિસર્ચ સેન્ટર (WARC)ના મીડિયા એક્સેલન્સ માટેના સૌથી સન્માનિત કાર્યોની યાદીમાં સ્થાન મેળવ્યું. એરિયલે 2015માં ભારતીય સમાજમાં પ્રવર્તતી અસમાનતા દૂર કરવા માટે 'ShareTheLoad' અભિયાન શરૂ કર્યું અને 2019માં દીકરા અને દીકરી વચ્ચે સમાનતાને પ્રોત્સાહન આપવા માટે Sons#ShareTheLoad અભિયાન શરૂ કર્યું.
- કેરળ હાઈ કોર્ટે જુવેનાઇલ જસ્ટિસ એક્ટ એન્ડ એડોપ્શન ગાઈડલાઈન્સ અંતર્ગત લીવ-ઇન રિલેશનશિપ દરમ્યાન જન્મેલ બાળકોને કાયદેસર વિવાહિત દંપતિ દ્વારા જન્મ આપનાર બાળક તરીકે માનવાનો નિર્દેશ આપ્યો, જેથી લીવ-ઇન કપલ્સને વિવાહિત દંપતી માનવામાં આવશે.
- સુશીલ ચંદ્રા નવા ચીફ ઈલેક્શન કમિશનર નિયુક્ત.

## 14 એપ્રિલ

- 14 એપ્રિલ: નેશનલ ફાયર સર્વિસ ડે. 1994માં આ દિવસે મુંબઈ ડોકયાર્ડમાં જહાજમાં આગ લાગવાથી તેને કાબુમાં લેવાનો પ્રયત્ન કરતા ફાયર બ્રિગેડના 66 જવાનો શહીદ થયા હતા. તેમની યાદમાં આ દિવસ ઉજવાય છે.

- 14 એપ્રિલ : ડૉ. બાબાસાહેબ આંબેડકર જયંતી. 2015થી 14 એપ્રિલના રોજ ભારતીય બંધારણના ઘડવૈયા તેમજ સ્વતંત્ર ભારતના પ્રથમ કાયદા મંત્રીની ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતીને સમરસતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે.
- દક્ષિણ કેરેબિયન દ્વીપના સેંટ વિન્સેટના ઉત્તર છેડે લા સોફ્રિએર નામના જ્વાળામુખીમાં વિસ્ફોટ થયો. આ જ્વાળામુખી 1979થી નિષ્ક્રિય હતો.
- ઇન્ડિયન આર્મીના લેફ્ટનન્ટ કર્નલ ભરત પન્નૂએ સાઇકલિંગથી લેહથી મનાલી સુધીનું 472 કિ.મી.નું અંતર માત્ર 35 કલાક અને 25 મિનિટમાં કાપીને સૌથી ઝડપી સાઇકલિંગનો ગિનીઝ વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો, તે ઉપરાંત દિલ્હી, મુંબઈ, ચેન્નઈ અને કોલકાતાને જોડતા 5,942 કિ.મી. લંબાઈ ધરાવતા 'સ્વર્ણિમ ચતુર્ભુજ' પર સાઇકલ દ્વારા 14 દિવસ, 23 કલાક અને 52 મિનીટમાં યાત્રા કરીને બીજો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો.
- ડિરેક્ટરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (DGCA)ના પ્રમુખ અરૂણ કુમારનો કાર્યકાળ છ મહિના માટે વધારવામાં આવ્યો.
- સારા એડમ ગેજ ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ માટે વિપ્રોના MD નિયુક્ત.
- ફાઇનાન્સિયલ પબ્લિકેશન ઓફ યુરોમની ઇન્સ્ટીટ્યુશનલ ઇન્વેસ્ટર ગૃપ 'એશિયામની'એ DBS બેંક ઇન્ડિયા લિ.ને 'India's Best International Bank-2021' તરીકે પસંદ કરી.
- FIFA U17 વિમેન્સ વર્લ્ડકપ ટૂર્નામેન્ટનાં ડિરેક્ટર અને AFC વિમેન્સ એશિયન કપનાં ડિરેક્ટર રોમા ખાનનાએ રાજીનામું આપ્યું. આ બંને ટૂર્નામેન્ટ આવતા વર્ષે ભારતમાં યોજાનાર છે.
- ઉત્તરાખંડના મુખ્યમંત્રી તીરથસિંહ રાવતે 51 મંદિરોને દેવસ્થાનમ બોર્ડમાંથી મુક્ત કર્યાં.
- નૂરા અલ માતૂશી UAEની પ્રથમ મહિલા અંતરિક્ષયાત્રી બની.
- ઝારખંડ મુક્તિ મોરચાના સંસ્થાપક સભ્ય અને વરિષ્ઠ ભાજપા નેતા સિમોન મરાંડી (સિમોન દા)નું નિધન.
- ફ્રાન્સના વિદેશ મંત્રી જીન યવેસ લે ડ્રીયન ભારતની ત્રણ દિવસીય મુલાકાતે.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બંગાળ ચૂંટણી પ્રચાર દરમ્યાન 'બાઈક એમ્બ્યુલન્સ દાદા' તરીકે ઓળખાતા પદ્મ શ્રી કરીમુલ હક સાથે મુલાકાત કરી. કરીમુલ હક બંગાળમાં ચાના બગીચાઓમાં કાર્ય કરતા એક સામાન્ય કામદાર છે, જે બિમાર માણસોને પોતાની મોટરસાઈકલમાં હોસ્પિટલ લઇ જાય છે.
- IPL-2021ની પ્રથમ મેચમાં ચેન્નઈ સુપર કિંગ્સના પરાજય સાથે ટીમના કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીને સ્લો ઓવર રેટ બદલ 12 લાખનો દંડ.
- હરેન્દ્ર સિંહ અમેરિકન મેન્સ હોકી ટીમના હેડ કોચ નિયુક્ત.




## 15 એપ્રિલ

- CJI શરદ અરવિંદ બોબડે દ્વારા તાજેતરમાં SUPACE (Supreme Court Portal for Assistance in Court's Efficiency) નામનું આર્ટિફિસીયલ ઇન્ટેલિજન્સ બેઝ્ડ પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું. SUPACE સુપ્રીમ કોર્ટનું પ્રથમ AI બેઝ્ડ રીસર્ચ પોર્ટલ છે.
- રશિયા પ્રાણીઓ માટે વિશ્વની પ્રથમ કોરોના વેક્સિન Carnivac-Covનું ઉત્પાદન શરૂ કરશે.
- નૈનીતાલની આર્યભટ્ટ રીસર્ચ ઇન્સ્ટીટ્યુટ ઓફ ઓબ્ઝર્વેશન સાયન્સના વૈજ્ઞાનિકોએ સૂર્ય કરતાં પણ 1000 ગણા વધુ ચમકતા દુર્લભ તારા 'SN 2015 DJ'ની શોધ કરી.
- બ્રાઝિલ એરફોર્સના પાઇલટ એન્ટોનિયો સેનાને પ્લેન ક્રેશના 38 દિવસ બાદ એરફોર્સના સર્ચ ઓપરેશન દ્વારા શોધી લેવામાં આવ્યા. એન્ટોનિયોનું પ્લેન એમેઝોનના જંગલમાં ક્રેશ થયું હતું.
- લેફ્ટનન્ટ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી ડેપ્યુટી ચિફ ઓફ આર્મી સ્ટાફ (ઇન્ફોર્મેશન સિસ્ટમ્સ એન્ડ કો-ઓર્ડીનેશન) નિયુક્ત.

- ચીનના મિંગશા રણપ્રદેશમાં પ્રવાસીઓ વધતા ઊંટોનો ટ્રાફિક વધ્યો, જેથી ચીને ઊંટ માટે વિશ્વનું પ્રથમ ટ્રાફિક સિગ્નલ શરૂ કર્યું.
- રાજસ્થાન રોયલ્સનો સંજુ સેમસન IPLમાં કેપ્ટન તરીકે પ્રથમ મેચમાં સદી ફટકારનાર પ્રથમ ખેલાડી બન્યો.
- ઐતિહાસિક યુદ્ધ જહાજ INS વિરાટના બ્રેકિંગ માટે સુપ્રિમ કોર્ટે મુકેલ સ્ટે રદ કરવામાં આવ્યો.
- ઇઝરાયેલની જાસૂસી સંસ્થા મોસાદે ઈરાનના મુખ્ય પરમાણુ પ્લાન્ટ 'નતાંજની પાવર સિસ્ટમ' પર બોમ્બ ફેંકતા ઈરાન પરમાણુ ક્ષેત્રે નવા મહિના પાછળ ધકેલાયું.
- ભૂટાનના રાજા કિંગ જગ્મા અને રાણી ક્વીન જેત્સુએ તેમના કિલ્લામાં 1000 દીવડા પ્રગટાવીને પ્રિન્સ ફિલિપને શ્રદ્ધાંજલિ આપી.
- ભારતીય અમેરિકન મૂળની UAEમાં રહેતી 5 વર્ષીય કિઆરા કૌરે માત્ર 105 મિનિટમાં 36 પુસ્તકો વાંચીને લંડન બુક ઓફ રેકોર્ડ અને એશિયા બુક ઓફ રેકોર્ડ્સમાં સ્થાન મેળવ્યું.
- મુંબઈ ઇન્ડિયન્સ અને ચેન્નઈ સુપર કિંગ્સ બાદ KKR (કોલકાતા નાઈટ રાઈડર્સ) IPLની 100 મેચ જીતનાર ત્રીજી ટીમ બની.
- ક્રિસ ગેલ IPL ઈતિહાસમાં 350 સિક્સર ફટકારનાર પ્રથમ ખેલાડી બન્યો.

## 16 એપ્રિલ

- પ્રાઝ ઇન્ડસ્ટ્રીઝ ભારતમાં સૌથી વધુ ક્ષમતાવાળા સિરપ આધારિત ઇથેનોલ પ્લાન્ટની સ્થાપના કરશે, જેના ભાગરૂપે શેરડીની ચાસણીનો ઉપયોગ કરીને કર્ણાટક સ્થિત ગોદાવરી બાયોરીફાઇનરીઝ લિ.ની વર્તમાન ઇથેનોલ નિર્માણની ક્ષમતાને 600 કિલો લિટર/દિવસ સુધી વધારવામાં આવશે.
- એમેઝોન ઇન્ડિયાએ 'મેન્ટર કનેક્ટ' પ્રોગ્રામ શરૂ કરવાની ઘોષણા કરી, જે અંતર્ગત એમેઝોન લોન્ચપેડ પહેલ હેઠળ નામાંકિત સ્ટાર્ટઅપ્સ અને વિકસતી બ્રાન્ડ્ઝના વિકાસમાં ઝડપ લાવવામાં આવશે.
- અભિનેતા સોનુ સૂદ પંજાબના એન્ટી-કોરોનાવાઇરસ વેક્સિનેશન કાર્યક્રમના બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત.
- સંતુલિત આહારની જરૂરિયાતના સંદેશને ફેલાવવા અને દરેક સ્થાનિક ફળ અને શાકભાજીના મહત્વને સમજવાના ઉદ્દેશથી કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી હર્ષવર્ધને 'આહાર ક્રાંતિ' મિશનની શરૂઆત કરી.
- ગુજરાત કેડરના IAS અધિકારી રાજેન્દ્ર કુમાર વિશ્વ બેંકના એક્ઝીક્યુટીવ ડિરેક્ટરના સલાહકાર નિયુક્ત.

- ખાનગી હવામાન એજન્સી સ્કાયમેટે આ વર્ષે દેશમાં 103% વરસાદ પડવાની સંભાવના દર્શાવી.
- મ્યાનમાર સૈન્ય સાથેના સંબંધોને કારણે અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઇકોનોમિક ઝોનને સસ્ટેનેબિલીટી ઇન્ડેક્સમાંથી હટાવવાનો નિર્ણય લેવામાં આવ્યો. અદાણી પોર્ટ્સ માનવાધિકારનું ઉલ્લંઘન કરીને યાંગૂનમાં પોર્ટનું નિર્માણ કરે છે.
- જાપાન સરકાર દ્વારા ફુકુશિમા પરમાણુ સ્ટેશનને 10 લાખ ટનથી વધુ રેડિયો એક્ટીવ પાણી દરિયામાં છોડવાની પરવાનગી આપવામાં આવી.
- US ન્યુઝ એન્ડ વર્લ્ડ રિપોર્ટના બેસ્ટ કન્ટ્રીઝ લિસ્ટ-2021માં કેનેડા પ્રથમ વખત ટોચ પર. ભારત 25મા ક્રમે.
- આતંકવાદનો સામનો કરવા માટે ભારતે UN ટ્રસ્ટ ફંડમાં પાંચ લાખ ડોલર્સનું યોગદાન આપ્યું.
- જાપાનની મલ્ટીનેશનલ કંપની તોશિબા કોર્પોરેશનના CEO નોબુકી કરુમનાતીએ રાજીનામું આપતાં સાતોશી સુનાકુવા તેમનું સ્થાન લેશે.
- જમ્મુ-કાશ્મીરના ઉધમપુર જીલ્લાIE 2020-21 દરમ્યાન પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના (PMGSY)ને સફળતાપૂર્વક અમલમાં મુકવા માટે રાષ્ટ્રીય સ્તરે ટોચનું સ્થાન મેળવ્યું. આ જિલ્લાએ 2020-21 દરમ્યાન 560.49 કિલોમીટર માર્ગ બનાવવા માટે આ સ્થાન મેળવ્યું.
- UKએ મની લોન્ડરિંગ અને આતંકવાદને પોષવાના આરોપસર પાકિસ્તાનને 21 હાઈરિસ્ક દેશોની યાદીમાં પ્રથમ સ્થાને મૂક્યું.
- એલેઝેન્ડ્રા ગેલોની રોયટર્સ ન્યુઝનાં ચિફ એડિટર નિયુક્ત. તેઓ રોયટર્સ ન્યુઝ રૂમનું નેતૃત્વ કરનાર પ્રથમ મહિલા બન્યાં.

## 17 એપ્રિલ

- મહારાષ્ટ્રના રત્નાગિરી જિલ્લાના H-એનર્જી જયગઢ ટર્મિનલ પર ભારતનું પ્રથમ ફ્લોટિંગ સ્ટોરેજ એન્ડ રિગેસીફિકેશન યુનિટ (FSRU) Höegh Giant આવ્યું, જે 56 કિલોમીટર લાંબી જયગઢ-ડાભોલ નેચરલ ગેસ પાઈપલાઈનમાં રિગેસીફાઈડ LNG પૂરો પાડશે.
- ગાઝીયાબાદે ભારતના પ્રથમ મ્યુનિસિપલ ગ્રીન બોન્ડ બહાર પાડ્યા.
- પૂનમ ગુપ્તા પોલીસી થિંક ટેંક નેશનલ કાઉન્સિલ ઓફ અપ્લાઈડ ઇકોનોમિક રિસર્ચ (NCAER)નાં નવા ડિરેક્ટર જનરલ નિયુક્ત, જેઓ આ પદ પર નિયુક્ત થનાર પ્રથમ મહિલા બન્યાં. હાલમાં તેઓ વર્લ્ડ બેંકનાં પ્રમુખ અર્થશાસ્ત્રી છે.
- બ્રિટન 2025માં પરમાણુ ઇંધણથી ચાલતું પ્રદૂષણમુક્ત જહાજ લોન્ચ કરશે.

- નાના વેપારીઓ અને ઇનોવેટર્સ માટે એમેઝોને 15થી 18 એપ્રિલ સુધી એક વિશાળ સંમેલન 'સંભવ સમિટ'નું આયોજન કર્યું, જેને શ્રી નીતિન ગડકરીએ MSMEના વિકાસ માટે ઈ-કોમર્સ કી ગણાવ્યું.
- પ્યૂ રિસર્ચના અહેવાલ અનુસાર અમેરિકામાં 2000-2019 દરમ્યાનના સમયગાળામાં એશિયન મૂળની વસ્તીમાં 81% વધારો થયો.
- દક્ષિણ ચીન સમુદ્રમાં અધિકૃત વ્હિટ્સન રીફ નજીક ચીનની 200થી વધુ બોટ્સ તહેનાત કરવામાં આવી, જેને ચીનની વિસ્તારવાદી નીતિનો હિસ્સો હોવાનું અનુમાન લગાવાઈ રહ્યું છે.
- ઝિમ્બાબ્વે ક્રિકેટના પૂર્વ કેપ્ટન હિથ સ્ટ્રીક પર ભ્રષ્ટાચાર વિરોધી નિયમોના ઉલ્લંઘન બદલ 8 વર્ષનો પ્રતિબંધ મૂકવામાં આવ્યો.
- કેરલ હાઈકોર્ટે મુસ્લિમ મહિલા દ્વારા અપાતા ખુલ્લા તલાકને પુરૂષ દ્વારા અપાતા તલાકની સમકક્ષ ગણાવ્યું.
- ભારત સરકારે 156 દેશોના નાગરિકોને અપાતા ઈ-વિઝા પરના નિયંત્રણો દૂર કર્યા,જ્યારે ટુરિસ્ટ કેટેગરીના ઈ-વિઝા, ચીન, બ્રિટનના નાગરિકોના ઈ-વિઝા પરનો પ્રતિબંધ યથાવત રાખ્યો.
- તિરૂમાલા તિરૂપતિ દેવસ્થાનમના એક અધિકારી દ્વારા એક પુસ્તકનું વિમોચન કરવામાં આવશે, જેમાં ભગવાન હનુમાનજીનો જન્મ તિરૂમાલાની સાત પવિત્ર ટેકરીઓમાંની એક ટેકરી પર થયો હોવાની સાબિતી આપવામાં આવેલ છે.
- ઈતિહાસમાં પ્રથમ વખત સતત બીજા વર્ષે ગુજરાત ધોરણ 1થી 9 અને 11ના વિદ્યાર્થીઓને માસ પ્રમોશન અપાયું.
- ભારતના પ્રથમ સમાનવ અંતરિક્ષ પ્રોજેક્ટ ગગનયાન માટે ફ્રાન્સ સાથે મદદના કરાર કરવામાં આવ્યા.

## 18 એપ્રિલ

- બિહાર પાઠ્યપુસ્તકો માટે ઈ-લાયબ્રેરી તૈયાર કરનાર દેશનું પ્રથમ રાજ્ય બન્યું.
- પર્યાવરણને લગતા માપદંડોને સંતોષવામાં નિષ્ફળ જતાં ઓડીસા સ્થિત 54 વર્ષ જૂના 460 મેગાવોટના તલ્ચર થર્મલ પાવર સ્ટેશનને બંધ કરવાનો નિર્ણય લેવાયો. આ પાવર પ્લાન્ટ NTPC લિ. દ્વારા સંચાલિત હતો. આ સંદર્ભમાં NTPCએ આ જ સ્થળે 1320 મેગાવોટ પાવરના નવા પ્લાન્ટના નિર્માણની ઘોષણા પણ કરી.
- જર્મનીના પોટ્સડેમ ઇન્સ્ટીટ્યુટ ઓફ કલાઈમેટ ઈમ્પેક્ટ રિસર્ચના વૈજ્ઞાનિક પ્રો. એન્ડર્સ લિવરમેને ગ્લોબલ વોર્મિંગના અહેવાલમાં જણાવ્યું કે પૃથ્વીનું તાપમાન 1 ડિગ્રી વધતાં ભારતમાં 5% વરસાદનો વધારો થશે.

- ઉઝબેકિસ્તાન અને કઝાકિસ્તાને વેપાર અને આર્થિક સહયોગ માટે 'Central Asia' નામના ઇન્ટરનેશનલ ટ્રાન્સ-બોર્ડર ટ્રેડ સેન્ટરનું નિર્માણ શરૂ કર્યું.
- કેન્દ્રીય મંત્રી પીયુષ ગોયલે એક્વા ફાર્મર્સને સશક્ત બનાવવા માટે 'eSanta' નામનું ઈ-બજાર લોન્ચ કર્યું, જેથી એક્વા ફાર્મર્સ પોતાની ઉપજ આ પ્લેટફોર્મ પર વેચી શકે.
- નીતિ આયોગ દ્વારા સ્વાસ્થ્ય અને પોષણની માહિતી સાથે સંબંધિત એક નેશનલ ડિજિટલ રિપોઝીટરી 'પોષણ જ્ઞાન' (Poshan Gyan) શરૂ કરવામાં આવી.
- ગુઈલેર્મો લાસો ઇક્વાડોરના નવા રાષ્ટ્રપતિ નિયુક્ત.
- પાકિસ્તાનનાં માનવાધિકાર આઇકન ગણાતા આઈ. એ. રહેમાનનું નિધન.
- અમરિકા અને તેના NATO સહયોગીઓએ અફઘાનિસ્તાનમાંથી પોતાના સૈન્યને પરત લેવાની ઘોષણા કરી. અમેરિકા પોતાના સૈન્યને 9 નવેમ્બર સુધીમાં પરત લઇ લેશે. આ દિવસે અમેરિકાના WTC પર થયેલ આત્મઘાતી આતંકવાદી હુમલાનાં 20 વર્ષ પૂર્ણ થશે.
- આતંકવાદીઓ દ્વારા થતા ઇન્ટરનેટના દુરુપયોગના વિષય પર યોજાયેલ BRICS સંમેલનની મેજબાની ભારતે કરી.
- ઇકોનોમિસ્ટ ઇન્ટેલિજન્સ યુનિટ (EIU) દ્વારા સંકલિત 'Facebook Inclusive Internet Index'માં 120 દેશોની યાદીમાં ભારત 49મા સ્થાને.
- હૈતીના વડાપ્રધાન જોસેફ જોતેએ રાજીનામું આપ્યું.
- ક્રિકેટ વિઝડન એવોર્ડ્સમાં ઇંગ્લેન્ડના ઓલરાઉન્ડર બેન સ્ટોક્સ 'ક્રિકેટર ઓફ ધ યર'થી સન્માનિત. ભારતીય કેપ્ટન વિરાટ કોહલી 'વિઝડન અલ્મેનેક 2010' દાયકાના વન ડે ક્રિકેટર ઘોષિત, જ્યારે સચિન તેંદુલકર 1990ના અને કપિલ દેવ 1980ના દાયકાના વનડે ક્રિકેટર તરીકે નામાંકિત.
- મોસ્કો ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટ-2021માં વિનોદ સેમ પીટર દ્વારા નિર્દેશિત મરાઠી ફિલ્મ 'પુગ્લ્યા'એ 'બેસ્ટ ફોરેન લેંગ્વેજ ફીચર'નો એવોર્ડ જીત્યો.

## 19 એપ્રિલ

- ISROએ ગગનયાન મિશન માટે ફ્રાન્સની સ્પેસ એજન્સી CNES સાથે સમજૂતી કરાર કર્યાં. CNES ભારતીય ફ્લાઇટ ફીઝીશિયન્સને તાલીમ આપશે.
- કેન્દ્રએ માનસિક સ્વાસ્થ્ય અંગેનું ડિજિટલ પ્લેટફોર્મ MANAS (મેન્ટલ હેલ્ધ એન્ડ નોર્મલસી ઓગ્મેન્ટેશન સિસ્ટમ) લોન્ચ કર્યું.
- સિદ્ધાર્થ લોંગજમ નેશનલ એન્ટી ડોપિંગ એજન્સી (NADA)ના ડિરેક્ટર-જનરલ નિયુક્ત.
- SBI મ્યુચ્યુઅલ ફંડ્સ રૂપિયા 5 લાખ કરોડના AAUM (એવરેજ એસેટ્સ અંડર મેનેજમેન્ટ) માર્ક પાર કરનાર પ્રથમ મ્યુચ્યુઅલ ફંડ કંપની બની.
- બ્રિટિશ સરકારે PNB કૌભાંડના આરોપી નિરવ મોદીના પ્રત્યાર્પણની મંજૂરી આપી.

- ઈ.સ. 1984માં ચોરાયેલ અષ્ટધાતુની લક્ષ્મીનારાયણની મૂર્તિ અમેરિકા દ્વારા નેપાળને પરત કરવામાં આવી.
- શૌકત તરીન પાકિસ્તાનના નવા નાણામંત્રી બન્યા.
- ક્યૂબામાં પૂર્વ રાષ્ટ્રપતિ ફિડેલ કાસ્ટ્રોના ભાઈ રાઉલ કાસ્ટ્રો દ્વારા કમ્યુનિસ્ટ પાર્ટીના પ્રમુખ પદેથી રાજીનામું આપતાં ક્યૂબામાં 60 વર્ષ બાદ ફિડેલ કાસ્ટ્રો યુગનો અંત.
- ગુજરાત સરકારે કુંભમેળામાંથી પરત આવનાર લોકો માટે RT-PCR પરિક્ષણ અનિવાર્ય કર્યું.
- NASAએ મંગળ ગ્રહ પર 'ઇન્જેન્યુટી માર્સ હેલિકોપ્ટર'ની સફળ ઐતિહાસિક ઉડાન દ્વારા નવી સિદ્ધિ મેળવી.
- મનીષા રોપેટા પાકિસ્તાનમાં DSP બનનાર પ્રથમ હિંદુ મહિલા.
- દુબઈના એડ્રેસ બીચ રિસોર્ટના 77મા માળે 965 ફૂટની ઊંચાઈએ વિશ્વનો સૌથો ઊંચો સ્વિમિંગ પુલ બનાવાયો.

## 20 એપ્રિલ

- ન્યુઝીલેન્ડના સ્ટાર ક્રિકેટર કેન વિલિયમસન સર રિચર્ડ હેડલી મેડલથી સન્માનિત.
- ભારતીય મૂળના બિઝનેસ ટાઇકૂન યુસુફઅલી એમ.એ. અબુધાબીના ઉચ્ચ નાગરિક પુરસ્કારથી સન્માનિત. કેરળમાં જન્મેલ યુસુફઅલી અબુ ધાબી સ્થિત લુલુ ગૃપના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર છે.
- ફિલ્મમેકર ગુનિત મોંગા ફ્રાન્સના બીજા સૌથી ઉચ્ચ નાગરિક સન્માન 'નાઈટ ઓફ ધ ઓર્ડર ઓફ આર્ટ્સ એન્ડ લેટર્સ'થી સન્માનિત.
- બ્રોડકાસ્ટ ઓડિયન્સ રિસર્ચ કાઉન્સિલ (BARC)ના અહેવાલ મુજબ ભારતમાં વર્ષ 2020ના અંતભાગમાં ટેલિવિઝન ધરાવતા ઘરની સંખ્યા 6.9% વધીને 21 કરોડ થઇ.
- ન્યુઝીલેન્ડ જળવાયુ પરિવર્તન માટે કાયદો બનાવનાર વિશ્વનો પ્રથમ દેશ બન્યો.
- બ્લડ ક્લોટની ઘટનાને ધ્યાનમાં લઈને USએ જહોન્સન એન્ડ જહોન્સનની કોરોના વેક્સિનના ઉપયોગ પર પ્રતિબંધ મૂક્યો.
- અનિલ રેન્ડર લાર્સન એન્ડ ટૂબ્રો ઇન્ફોટેક લિ. (LTI)ના ચિફ ફાઇનાન્સિયલ ઓફિસર નિયુક્ત.
- યુરોપની બીજી સૌથી મોટી ઈન્સ્યોરન્સ કંપની AXA પોતાના ગ્રાહકોને બિલ્સના પેમેન્ટ માટે બિટકોઇન્સનો વિકલ્પ આપનાર સ્વિટ્ઝરલેન્ડની પ્રથમ ઓનલાઈન વીમા કંપની બની.
- કેન્દ્ર સરકારે ગુજરાતની 3 હોસ્પિટલ સહિત ભારતની કુલ 162 હોસ્પિટલમાં ઓક્સિજન પ્લાન્ટને મંજૂરી આપી, જેના દ્વારા 154 મેટ્રિક ટન ઓક્સિજનના ઉત્પાદનનો લક્ષ્યાંક છે.

- દિલ્હી હાઈકોર્ટે મેન્ટલ હેલ્થકેર એક્ટ-2017 અંતર્ગત તમામ વીમા કંપનીઓને માનસિક રોગોને વીમાનું કવર આપવા માટે આગ્રહ કર્યો.

## 21 એપ્રિલ

- ગુજરાતી મૂળના બ્રિટિશ બિઝનેસમેન બ્રધર્સ મોહસીન અને ઝુબેર ઈસાએ બ્રિટનની ફાસ્ટફૂડ કંપની લિઓનને 10 કરોડ પાઉન્ડમાં ખરીદી.
- રેલવે મંત્રાલય COVID-19ના દર્દીઓ માટે ઓક્સિજનની અછત નિવારવા નવા ગ્રીન કોરિડોર દ્વારા 'ઓક્સિજન એક્સપ્રેસ' દોડાવશે.
- ભારતીય વેઈટલિફ્ટર મીરાબાઈ ચાનૂએ એશિયન વેઈટલિફ્ટિંગ ચેમ્પિયનશિપમાં 119 કિલોગ્રામ વજન ઉઠાવીને ક્લીન એન્ડ જર્કનો નવો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો.
- અમેરિકાની મેસેચુસેટ્સ ઇન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી (MIT)ના વૈજ્ઞાનિકોએ કરોળિયાના જાળાના તાંતણાઓને ધ્વનિની વિવિધ આવૃત્તિઓ આપીને સંગીતની રચના કરી. આ આવૃત્તિઓ દ્વારા 'નોટ્સ' બનાવવામાં આવી અને તેને વેબ 3D સંરચનાના આધારે પેટર્ન બનાવવા માટે ધૂન બનાવવા માટે સંયોજિત કરવામાં આવી. વૈજ્ઞાનિકોએ એક વીણા જેવું વાધ બનાવીને તેના પર કરોળિયાના જાળાની સંગીત વગાડ્યું.
- એશિયન રેસલિંગ ચેમ્પિયનશિપમાં સરિતા મોરે વિમેન્સ 59 કિગ્રા કેટેગરીમાં ગોલ્ડ જીત્યો.
- ઇટાલિયન ફિલ્મ પ્રોડ્યુસર રોબર્ટો બેનિગનીએ વેનિસ ફિલ્મ ફેસ્ટીવલનો લાઈફટાઈમ અચિવમેન્ટ પુરસ્કાર જીત્યો.
- કોંગ્રેસે પોતાનું ડિજિટલ મીડિયા પ્લેટફોર્મ 'INC TV' શરૂ કર્યું.
- IRDAએ મોટર ઈન્સ્યોરન્સના નિયમોના ઉલ્લંઘન બદલ SBI જનરલ ઈન્સ્યોરન્સ, લિબર્ટી ઈન્સ્યોરન્સ, બજાજ જનરલ ઈન્સ્યોરન્સ અને રોયલ સુંદરમને 51 લાખ રૂપિયાનો દંડ કર્યો.
- ભારતના સૌથી વૃદ્ધ સૈન્ય પેન્શનર 116 વર્ષીય બચન કૌરનું નિધન. તેમના પતિ જીવન સિંહ બ્રિટીશ કોલોનિયલ શાસનમાં સૈનિક હતા.
- ઉબેર કેબ સર્વિસે દિલ્હી સહિતના 34 શહેરોમાં રસી લેવા પાત્ર લોકોને રસીકરણ કેન્દ્ર સુધી મફતમાં લઇ જવાની જાહેરાત કરી.
- વર્ષ 2020-21 દરમ્યાન ભારતમાંથી થતી પેસેન્જર વ્હીકલ્સની નિકાસમાં 39% ઘટાડો નોંધાયો.
- ક્રિસ્ટીન વોર્મથ US આર્મીનાં પ્રથમ મહિલા સચિવ નિયુક્ત.

## 22 એપ્રિલ

- બેંગલુરુમાં ભારતનું પ્રથમ વર્ટીકલ ફોરેસ્ટ ટાવર 'માના ફોરિસ્ટા' શરૂ કરવામાં આવશે.

- લોકપ્રિય ટીવી સિરિયલ 'તારક મહેતા કા ઉલટા ચશ્મા'ના એનિમેટેડ વર્ઝન 'તારક મહેતા કા છોટા ચશ્મા'નું પ્રસારણ સોની યેહ ચેનલ પર શરૂ કરવામાં આવશે.
- રશ્મિકા મંદાના મેકડોનાલ્ડ ઇન્ડિયાનાં બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત.
- ભારતમાં નવાં ગોડાઉન શરૂ કરવા માટે ફ્લિપકાર્ટે અદાણી ગ્રૂપ સાથે કરાર કર્યા.
- લુપ્તપ્રાય ગ્રેડ ઇન્ડિયન બસ્ટર્ડને બચાવવા માટે સુપ્રીમ કોર્ટે ગુજરાત અને રાજસ્થાનને 1 વર્ષમાં ઓવરહેડ ઇલેક્ટ્રિક કેબલ્સને અંડરગ્રાઉન્ડમાં નાખવા માટે આદેશ કર્યો.
- જીનાહ વિલકસીમ ભારતમાં રમ બ્રાન્ડ વેચતી કંપની બકાર્ડી ઇન્ડિયાના માર્કેટિંગ ડિરેક્ટર નિયુક્ત.
- T20 કપ-2021ની ફાઇનલ મેચ નવેમ્બર-2021માં અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે.
- એશિયન બોક્સિંગ ચેમ્પિયનશિપમાં દીપક પુનિયાએ 86 કિ.ગ્રા. કેટેગરીમાં સિલ્વર જીત્યો.
- IFFCO (ઇન્ડિયન ફાર્મર્સ ફર્ટીલાઇઝર કો-ઓપ. લિ.) પોતાના કલોલ યુનિટમાં 200 ઘન મીટર/કલાકની ક્ષમતા ધરાવતો ઓક્સિજન પ્લાન્ટ શરૂ કરશે, જેના દ્વારા દૈનિક D પ્રકારના મોટા 700 અને B પ્રકારના મધ્યમ 300 સિલિન્ડર ભરવામાં આવશે.
- પર્ડ્યૂ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોએ હાલના સફેદ રંગની સરખામણીમાં વધુ સફેદ પેઇન્ટ વિકસાવ્યો. આ નવ વિકસિત અલ્ટ્રા-વ્હાઇટ પેઇન્ટ 98%થી વધુ સૂર્યપ્રકાશને પ્રતિબિંબિત કરે છે. આ નવી પેઇન્ટ ટેકનીક ઊર્જાને બચાવવામાં અને જળવાયુ પરિવર્તન સામે લડવામાં મદદ કરી શકે છે.
- Gojek કંપનીના CEO આંદ્રે સોઈલિસ્તો ટોકપીડિયા અને Gojekના મર્જર બાદ ઇન્ડોનેશિયન એપ જાયન્ટ GoToના હેડ બનશે.
- ગેમસ્ટોપના CEO જ્યોર્જ શર્મન પોતાના પદેથી રાજીનામું આપશે.

## 23 એપ્રિલ

- દીપિકા ભાન ટાટા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ (TCP)નાં અધ્યક્ષ નિયુક્ત.
- સ્ટિફનોસ ત્સીત્સીપાસે પોતાની પ્રથમ ATP માસ્ટર્સ 1000 સિરીઝ જીતીને મોન્ટે કાર્લો-2021 ટાઇટલ જીત્યું.
- મુરલી નટરાજન ફરીથી DCB બેંકના CEO અને MD નિયુક્ત.
- 23 એપ્રિલ: જગપ્રસિદ્ધ નાટ્યકાર વિલિયમ સેક્સપિયરની 405મી પૂણ્યતિથી.
- જાપાનના વડાપ્રધાન યોશિહિદે સુગાનો ભારત પ્રવાસ રદ.
- કોરોના વાઇરસના વધતા સંક્રમણને કારણે બ્રિટને ભારતને ટ્રાવેલિંગના રેડ લિસ્ટમાં મૂક્યું.
- દિલ્હી કેપિટલ્સના સ્પિનર અમિત મિશ્રાએ મુંબઈ ઇન્ડિયન્સના કેપ્ટન રોહિત શર્માને IPLમાં સાત વખત આઉટ કરવાનો રેકોર્ડ બનાવ્યો.

- વર્લ્ડ પ્રેસ ફ્રિડમ ઇન્ડેક્સ-2021 અનુસાર 180 દેશોની યાદીમાં ભારત સતત બીજા વર્ષે 142મા સ્થાને. નોર્વે સતત ચોથા વર્ષે પ્રથમ સ્થાને. ભારત 'પોતાનું કાર્ય યોગ્ય રીતે કરવાનો પ્રયાસ કરનાર પત્રકારો' માટે સૌથી ખતરનાક દેશોમાંથી એક ગણાય છે.
- તેહરિક-એ-લબૈક પાકિસ્તાન (TLP)ને ત્રાસવાદી જૂથ જાહેર કરવાની તથા દેશભરમાં તેની કામગીરી પર પ્રતિબંધ મૂકવાની જાહેરાત કરતાં પાકિસ્તાનના પ્રમુખ ઇમરાન ખાને ફ્રેન્ચ રાજદૂતને દેશમાંથી હટાવવા માટેના ખરડાને સંસદમાં રજુ કરવાની મંજૂરી આપી.
- RBIના પૂર્વ ગવર્નર એમ. નરસિંહમનું નિધન.
- દક્ષિણ આફ્રિકાના સંરક્ષિત ક્ષેત્ર ટેબલ માઉન્ટેન નેશનલ પાર્કમાં આગ લાગી, જે એક પર્યટક આકર્ષણ ગણાય છે.

## 24 એપ્રિલ

- વર્લ્ડ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપ-2021 હોસ્ટન (USA)માં યોજાશે.
- અમેરિકન ટ્રેઝરી વિભાગે ભારતને કરન્સી મેનિપ્યુલેટર વોચ લિસ્ટમાં મૂક્યું.
- બોલીવુડ અભિનેતા રણવીર સિંહ 'Just Dial'ના બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત.
- કેન્દ્ર સરકારે ઓરિસ્સા રાજ્યને ધામરા નદી પર ROPAX જેટી પ્રોજેક્ટ શરૂ કરવા માટે 110 કરોડ રૂપિયા ફાળવ્યા.
- ફેસબુકે ભારતમાં રિન્યુએબલ ઊર્જાની ખરીદી માટે પોતાની પ્રથમ ડીલ કરી, જે અંતર્ગત ફેસબુક ક્લિનમેક્સ કંપની સાથે જોડાઇ.
- દીપિકા ભસીન મીડિયા એજન્સી કેરેટ ઇન્ડિયાનાં કાર્યકારી ઉપાધ્યક્ષ નિયુક્ત.
- અમેરિકાના પૂર્વ ઉપરાષ્ટ્રપતિ વોલ્ટર મોંડેલનું નિધન. તેઓ ઈ.સ. 1993થી 1996 સુધી બિલ ક્લિન્ટનના શાસનમાં જાપાનમાં અમેરિકન રાજદૂત હતા.
- મેક્સ વેર્સ્ટાપ્પેને લુઇસ હેમિલ્ટનને હરાવીને એમિલિયા રોમાગ્ના ગ્રાંડ પ્રિ.નું ટાઇટલ જીત્યું.
- RBIએ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપનીઓના અધ્યયન માટે સુદર્શન સેન સમિતિની રચના કરી, જે લોન સમાધાનમાં આ કંપનીઓના યોગદાનનું મૂલ્યાંકન અને તેમના વેપાર મોડલની સમીક્ષા કરશે.
- ભારતીય ક્રિકેટર સુરેશ રૈનાની આત્મકથા 'Believe: What Life and Cricket taught me' આગામી મહિનામાં રિલીઝ થશે..
- આયુષ્યમાન ખુરાના સ્માર્ટફોન કંપની 'Tecno'ના બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત.
- મુંબઇ ઇન્ડિયન્સના કેપ્ટન રોહિત શર્માને સ્લો ઓવરરેટને કારણે 12 લાખનો દંડ.
- રશિયા પોતાનું સ્પેસ સ્ટેશન બનાવવાની યોજના બનાવી રહ્યું છે, જો રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિન આ યોજનાને મંજૂરી આપે તો રશિયા 2030 સુધીમાં પોતાના સ્પેસ સ્ટેશનનું નિર્માણ કરવા માટે તૈયાર છે.

- નાસાના પર્સિવરન્સ રોવરે મંગળ ગ્રહ પર ઓક્સિજનનું નિર્માણ કર્યું.
- મીરાબાઇ ચાનૂએ તાશ્કંદમાં યોજાયેલ એશિયન વેઇટલિફ્ટિંગ ચેમ્પિયનશિપમાં 119 કિલોગ્રામ વજન ઊંચકીને વિમેન્સ 49 KG ક્લીન એન્ડ જર્કનો નવો વિશ્વવિક્રમ સર્જ્યો.
- ઇટલીએ મહેસાણા જિલ્લાના જોટાણામાં સ્થિત ફણીધર મેગા ફૂડ પાર્કમાં પોતાનો પ્રથમ મેગાફૂડ પાર્ક પ્રોજેક્ટ શરૂ કર્યો.

## 25 એપ્રિલ

- 25 એપ્રિલ: વર્લ્ડ મેલેરિયા ડે. આ વર્ષની થીમ: Reaching the Zero Malaria Target. વર્ષ 2015ની તુલનાએ ભારતમાં 2020માં મેલેરિયાના દર્દીઓમાં 84%નો ઘટાડો.
- મદ્રાસ હાઈકોર્ટે સડક દુર્ઘટના પર અંકુશ મુકવા માટે દ્વિચક્રી વાહનોમાં તેના ઉત્પાદન સમયે જ સ્પીડ ગવર્નર્સ લગાવવા માટે સૂચન કર્યું.
- કેનેડાની બાયોફાર્મા કંપની મેડીકાગો દ્વારા વિકસાવાયેલ તમાકુના છોડમાંથી બનાવેલ કોરોના વેક્સિનનો ક્લિનિકલ ટ્રાયલનો આરંભ કરાયો.
- UN આર્થિક અને સામાજિક પરિષદ (UN ECOSOC)ના અપરાધ નિવારણ અને અપરાધિક ન્યાય આયોગ (CCPCJ), UN વિમેન્સ એક્ઝીક્યુટીવ બોર્ડ અને વર્લ્ડ ફૂડ પ્રોગ્રામના કાર્યકારી બોર્ડ એમ ત્રણ બોર્ડમાં ભારતને સ્થાન મળ્યું.
- સંચિતા રાય હવાસ મીડિયા ગૃપ ઇન્ડિયાનાં ચીફ (સ્ટ્રેટેજી) નિયુક્ત.
- પંકજ ગુપ્તા કોઇનબેઝ ગ્લોબલ ઇન્કોર્પોરેટેડના ઇન્ડિયા સેન્ટરના અધ્યક્ષ નિયુક્ત.
- મહારાષ્ટ્રના સતારાની પ્રિયંકા મોહિતે દુનિયાના દસમા સૌથી ઊંચા પર્વતશિખર માઉન્ટ અન્નપૂર્ણા (8000 મીટર) પર ચઢનાર પ્રથમ ભારતીય મહિલા પર્વતારોહી બની. માઉન્ટ અન્નપૂર્ણા શિખર નેપાળમાં હિમાલયની પર્વતમાળામાં આવેલ છે.
- AIBA યુથ વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયનશિપ-2021માં 7 ભારતીય મહિલાઓએ ગોલ્ડ જીતીને ઈતિહાસ રચ્યો.
- ઈલેક્ટ્રોનિક્સ એન્ડ IT મંત્રાલયે સરકારી ક્ષેત્રે ફ્રી એન્ડ ઓપન સોર્સ સોફ્ટવેર (FOSS)ના વપરાશમાં ગતિ લાવવા માટે #FOSS4GOV ઇનોવેશન ચેલેન્જની ઘોષણા કરી.
- Accenture Indiaનાં ચેરપર્સન રેખા મેનન નેશનલ એસોસિએશન ઓફ સોફ્ટવેર એન્ડ સર્વિસીઝ કંપનીઝ (NASSCOM)નાં ચેરપર્સન નિયુક્ત. આ પદ ગ્રહણ કરનાર તેઓ પ્રથમ મહિલા બન્યાં.
- તમિલનાડુના અર્જુન કલ્યાણ સર્બિયામાં 2500 ELO માર્ક ક્રોસ કરીને ભારતના 68મા ચેસ ગ્રાન્ડમાસ્ટર બન્યા.
- પ્રખ્યાત સંગીતકર જોડી નદીમ-શ્રવણ પૈકી 66 વર્ષીય શ્રવણ રાઠોડનું કોવિડ-19ને કારણે નિધન.

## 26 એપ્રિલ

- નાસાનું SPACE X 'CREW-2' મિશન ચાર અંતરિક્ષયાત્રીઓ સાથે લોન્ચ કરવામાં આવ્યું.
- સાઉદી આરબમાં શિક્ષણ ક્ષેત્રે વિઝન-2030 અંતર્ગત વિદ્યાર્થીઓના અભ્યાસક્રમમાં સામાજિક વિજ્ઞાનના ભાગ તરીકે રામાયણ અને મહાભારતનો સમાવેશ કરવામાં આવશે.
- ઉત્તરાખંડમાં જોશીમઠ ખાતે ફરીથી ગ્લેશિયર ફાટ્યું.
- જાપાનના યામામોટા બૌદ્ધ મઠમાં 2011માં આવેલ ભૂકંપ અને સુનામીથી બંધ પડી ગયેલ 100 વર્ષ જૂની ઘડિયાળ તાજેતરમાં ફરીથી ભૂકંપ આવતાં ફરીથી આપમેળે ચાલુ થઇ ગઇ.
- ભારતના કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ (CAG) ગીરીશ ચંદ્ર મુર્મુ હેગ બેઝ્ડ કોન્ફરન્સ ઓફ સ્ટેટ પાર્ટીઝ ઓફ ધ ઓર્ગેનાઇઝેશન દ્વારા ત્રણ વર્ષ માટે પ્રોહીબીશન ઓફ કેમિકલ વેપન્સ (OPCW)ના એક્સ્ટર્નલ ઓડિટર નિયુક્ત.
- કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગાંધીનગરના કોલવડા ગામમાં ઓક્સિજન પ્લાન્ટનું ઉદઘાટન કર્યું.
- ગ્લોબલ સ્પોર્ટ્સવેઅર બ્રાન્ડ પ્યૂમાએ વોશિંગ્ટન સુંદર અને દેવદત્ત પડીક્કલને બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત કર્યા.
- WEF (વર્લ્ડ ઇકોનોમિક ફોરમ) ગ્લોબલ એનર્જી ટ્રાન્ઝીશન ઇન્ડેક્સ-2021માં 115 દેશોમાં ભારત 87મા ક્રમે. સ્વિડન પ્રથમ ક્રમે.
- કેન્દ્રીય ગૃહ સચિવ અજય ભલ્લાએ ભારતમાં ઓક્સિજનની અછતને ધ્યાનમાં રાખીને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ લાગુ કર્યો.
- કેન્દ્ર સરકારના આદેશ મુજબ આર્મ્ડ ફોર્સિસ મેડિકલ સર્વિસીઝ દ્વારા જર્મનીથી 23 મોબાઇલ ઓક્સિજન જનરેશન પ્લાન્ટ એરલીફ્ટ દ્વારા ભારતમાં લાવવામાં આવશે.
- ભાજપ અધ્યક્ષ જે. પી. નડ્ડાએ 'અપના બૂથ કોરોના મુક્ત' અભિયાન શરૂ કરવા પ્રસ્તાવ મૂક્યો.
- અતનુ ચક્રવર્તી HDFC બેંકના અંશકાલિક અધ્યક્ષ નિયુક્ત.
- માર્કેટ કેપના આધારે વિપ્રો ત્રીજી સૌથી મોટી ભારતીય IT સેવા ફર્મ બની.
- પારોમા ચેટરજી બ્રિટનની ગ્લોબલ ટેકનોલોજી ફર્મ રિવોલ્ટના ભારતના CEO નિયુક્ત.

## 27 એપ્રિલ

- વનિતા ગુપ્તા USAના એસોસિએટ એટર્ની જનરલ નિયુક્ત થનાર પ્રથમ ભારતીય-અમેરિકન મહિલા.
- UN માનવાધિકાર પરિષદે પાકિસ્તાન સરકાર લઘુમતીઓને આતંકવાદીઓ સામે રક્ષણ આપવામાં નિષ્ફળ રહી હોવાનો દાવો કર્યો.
- મિગલ ડાયઝ કેનલે ક્યુબાના રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા.

- ભારતે પ્લાસ્ટિક કચરાને સમુદ્રમાં જતો અટકાવવા માટે જર્મની સાથે સમજૂતી કરી.
- બેંગકોકના પ્રાચીન ધમ્મકાયા બુદ્ધ મંદિર ખાતે અર્થ ડે નિમિત્તે બૌદ્ધ સૌધુઓ અને શ્રદ્ધાળુઓએ 3,30,000 દીવડા પ્રગટાવીને ગિનીઝ બુકમાં નામ નોંધાવ્યું.
- ચાડના રાષ્ટ્રપતિ ઈદરીસ ડેબી ઇટનોનું નિધન.
- હૈદરાબાદનાં રૂમાના સિંહા સેહગલે નેલશન મંડેલા વર્લ્ડ હ્યુમનિટેરિયન એવોર્ડ-2021 જીત્યો. તેમને આ સન્માન વિવિધ મટીરીયલ અને નોન-બાયોડીગ્રેડેબલ મટીરીયલના રિસાઇકલિન્ગ દ્વારા ઇનોવેટીવ અને ફંકશનલ ગ્રીન પ્રોડક્ટ્સના વિકાસ ક્ષેત્રે તેમના યોગદાન માટે આપવામાં આવ્યું.
- ગુજરાતી અને હિન્દી ફિલ્મ અભિનેતા અમિત મિસ્ત્રીનું 47 વર્ષની વયે કાર્ડિયાક એરેસ્ટને કારણે નિધન.
- ન્યાયમૂર્તિ એન. વેંકટ રમન્નાએ 48મા CJI (ચિફ જસ્ટિસ ઓફ ઇન્ડિયા) તરીકેનો પદભાર સંભાળ્યો, તેઓ આ પદ પર 16 મહિના સુધી રહેશે.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઓક્સિજન અને સંબંધી ઉપકરણો તથા રસી પર આગામી ત્રણ માસ માટે કસ્ટમ ડ્યુટી અને હેલ્થ સેસ રદ કરવાનો આદેશ આપ્યો.
- બ્રિટને નવી ડિજિટલ કરન્સી ‘બ્રિટકોઈન’ બહાર પાડી.
- વિરાટ કોહલી 6000 IPL રન બનાવનાર પ્રથમ ક્રિકેટર.
- UAEએ બુર્જ ખલીફા જેવી જાણીતી ઈમારતો પર 23 સેકન્ડ્સ સુધી ભારતીય તિરંગાને લાઈટિંગથી પ્રદર્શિત કરીને કોરોના મહામારીની પરિસ્થિતિમાં તે ભારતની સાથે છે તેવો સંદેશ આપ્યો.
- પ્રસિદ્ધ શાસ્ત્રી ગાયક પદ્મભૂષણ પંડિત રાજન મિશ્રાનું કોવિડ-19ના સંક્રમણ દરમ્યાન વેન્ટીલેટરના અભાવે 70 વર્ષની વયે નિધન. તેઓ તેમના ભાઈ સહીત ભારતમાં ખયાલ ગાયકીના સૌથી મોટા પ્રતિપાદિત હતા. તેઓ બનારસ ઘરાના સાથે સંકળાયેલ હતા.
- ‘મારે ઠાકોરજી નથી થાવું’ નેવું રચનાના સર્જક પદ્મશ્રી દાદુદાન પ્રતાપદાન ગઢવી (કવિ દાદ)નું નિધન.

## 28 એપ્રિલ

- ચીન વર્ષ 2022માં વિશ્વનું સૌથી મોટું પ્રવાસી જહાજ ‘વન્ડર ઓફ ધ સીઝ’ લોન્ચ કરશે.
- રેલવે મંત્રી પીયુષ ગોયલે રોજગારીની તકોના સર્જન માટે ‘સ્ટાર્ટઅપ ઇન્ડિયા સીડ ફંડ’ યોજના શરૂ કરી.
- ચિત્રા થોમસ ટેસ્લા ઇન્ડિયાના HR ચીફ નિયુક્ત.

- આંતરરાષ્ટ્રીય સ્તરે ધાર્મિક સ્વતંત્રતાની દેખરેખ રાખતી સંસ્થા યુનાઇટેડ સ્ટેટ્સ કમિશન ઓફ ઇન્ટરનેશનલ રિલીજિયસ ફ્રિડમ (USCIRF)એ સતત બીજા વર્ષ માટે ભારતને ‘કન્ટ્રી ઓફ પર્ટિક્યુલર કન્સર્ન’ તરીકે ઘોષિત કરવા ભલામણ કરી.
- આર્જેન્ટીના, બ્રાઝિલ, યુગાન્ડા અને વનુઆટુ ICC ડેવલપમેન્ટ પ્રાઇઝ-2021ના ગ્લોબલ વિજેતા ઘોષિત.
- આરોપી નિત્યાનંદ બાબાએ કોરોનાને કારણે પોતાના વસાવેલ ટાપુ ‘કૈલાસા’માં ભારત સહિત બ્રાઝિલ, મલેશિયા, યુરોપિયન યુનિયનના દેશોના લોકોના પ્રવેશ માટે પ્રતિબંધ મૂક્યો.
- રાજ્યકક્ષાના પ્રવાસન મંત્રી પ્રહલાદસિંહ પટેલે રામાયણ આધારિત ઓનલાઇન પ્રદર્શન શરૂ કર્યું.
- ઓસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડે ઓલરાઉન્ડર કેમરૂન ગ્રીનને પ્રથમ વખત સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ આપ્યો.
- ઇન્ડોનેશિયાની લાપતા સબમરીનને શોધવા માટે ભારતે DSRV (ડીપ સબમર્જન્સ રેસ્કયુ વ્હિકલ) મદદ માટે મોકલ્યું.
- ઓપરેશન ઓક્સિજન મૈત્રી અંતર્ગત ભારતમાં અદાણી ગ્રુપ અને લિન્ડે કંપનીના સહયોગથી સાઉદી અરબથી 80 મેટ્રિક ટન ઓક્સિજન ક્રાયોજેનિક ટેંક મારફતે લાવવામાં આવશે.
- લોસ એન્જેલસમાં આયોજિત 93મા એકેડમી એવોર્ડ્સ (ઓસ્કાર)માં ચાઇનીઝ મૂળની ક્લો ઝાઓ બેસ્ટ ડિરેક્ટરનો એવોર્ડ જીતીને ઓસ્કર ઈતિહાસમાં આ પુરસ્કાર મેળવનાર બીજી મહિલા બની. ઝાઓએ પોતાની ફિલ્મ ‘નોમેડલેન્ડ’ માટે આ પુરસ્કાર જીત્યો. આ પુરસ્કાર જીતનાર તે પ્રથમ એશિયન મહિલા પણ બની. તે ઉપરાંત અન્ય એવોર્ડ્સ:
    - બેસ્ટ ફિલ્મ : નોમેડલેન્ડ
    - બેસ્ટ એક્ટર : એન્થની હોપકિન્સ (ફિલ્મ -ધ ફાધર)
    - બેસ્ટ એક્ટ્રેસ : ફ્રાંસિસ મેકડોરમેડ (ફિલ્મ -નોમેડલેન્ડ)
    - બેસ્ટ સપોર્ટીંગ એક્ટર : ડેનિયલ કલુઆ
    - બેસ્ટ ઇન્ટરનેશનલ ફિચર ફિલ્મ: અનધર રાઉન્ડ (ડેન્માર્ક)
- અમેરિકાના મરીન કમાન્ડોમાં પ્રથમ વખત 53 મહિલાઓ નિયુક્ત કરવામાં આવી.
- મારૂતિ સુઝુકીના પૂર્વ MD અને કોર્નેશન ઓટો ઇન્ડિયાના ફાઉન્ડર જગદીશ ખટ્ટરનું કાર્ડિયાક એરેસ્ટને કારણે મૃત્યુ.

## 29 એપ્રિલ

- અમેરિકા, ફ્રાન્સ અને જાપાનના ચાર અવકાશયાત્રીઓ સ્પેસએક્સના રિસાઇકલ્ડ રોકેટમાં ઇન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પર પહોંચ્યા. રિસાઇકલ્ડ રોકેટમાં પહોંચવાની આ પ્રથમ ઘટના છે.
- ગ્રીન બિલ્ડીંગ્સ માટે જાગૃતિ લાવવા મુંબઈની અનંત નેશનલ યુનિવર્સિટીએ વસુંધરા દિવસ નિમિત્તે 'ડિમિસ્ટિફાઇંગ ગ્રીન બિલ્ડીંગ' વર્કશોપનું આયોજન કર્યું..
- બેંગ્લોરના વોટરકલર કલાકાર કંથરાજ એન. એક ફિઝીકલી લિન્ક્ડ નોન ફંગીબલ ટોકન (NFT) 'માય લાઇફ્સ વર્ક'ની નીલામી કરશે, જે તેમના 12 મૂળ પુરસ્કાર વિજેતા ચિત્રોનો સંગ્રહ છે. આ વિશ્વનું સૌથી મોટું અને પ્રથમ જોડિયું NFT છે.
- હૈદરાબાદના પૂર્વ ફાસ્ટ બોલર અશ્વિન યાદવનું નિધન.
- કરાચીની ચાર વર્ષીય અરીષ ફાતિમાએ સૌથી નાની વયની માઇક્રોસોફ્ટ સર્ટિફાઇડ પ્રોફેશનલ બનીને ઈતિહાસ રચ્યો, જેણે માઇક્રોસોફ્ટ સર્ટિફાઇડ પ્રોફેશનલ (MCP)માં 831 અંક મેળવ્યા.
- ગ્વાટેમાલામાં આયોજિત આર્ચરી વર્લ્ડ કપમાં દીપિકા કુમારી, અંકિતા ભકત અને કોમલીકા બારી સહિત ભારતીય મહિલા ટીમે ગોલ્ડ જીત્યો.
- ઘાના બાદ ગામ્બિયા ટ્રેકોમાને નાબુદ કરનાર બીજો આફ્રિકન દેશ બન્યો. ટ્રેકોમા અંધત્વના મુખ્ય કારણોમાંથી એક છે.
- સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના મીડિયા પ્રમુખ સિનીયર IIS ઓફિસર મણિકાન્ત ઠાકુરનું COVID-19ને કારણે મૃત્યુ.
- ઇન્ડોનેશિયાની લાપતા નેવી સબમરીન KRI નંગલા 402 બાલી સાગરમાં ત્રણ હિસ્સામાં તૂટેલ હાલતમાં મળી આવી, જેમાં 53 સભ્યોવાળી ટીમનું મૃત્યુ થયું.
- માંચેસ્ટર સિટીએ ટોટેન હોટસ્પરને હરાવીને લંડનમાં આયોજિત લીગ કપ ફૂટબોલ ટૂર્નામેન્ટ જીતી.
- સેન્ટ્સ પીટર્સબર્ગ (રશિયા)માં આયોજિત ગવર્નર્સ બોક્સિંગ કપમાં ભારતના અમિત પંઘાલે 52 કિગ્રા કેટેગરીમાં બ્રોન્ઝ જીત્યો.
- RBIએ બેંક્સના MD, CEOના કાર્યકાળને 15 વર્ષ સુધી મર્યાદિત કર્યો.
- DRDOએ એરો એન્જિન માટે મહત્વપૂર્ણ ક્રિસ્ટલ બ્લેડ ટેકનોલોજી વિકસાવી.
- IPLની રાજસ્થાન રોયલ્સ ટીમના ઓસ્ટ્રેલિયન પેસ બોલર એન્ડ્ર્યુ ટાઇએ વ્યક્તિગત કારણોસર IPLમાંથી ખસી જવાનો નિર્ણય કર્યો.

## 30 એપ્રિલ

- RBIએ ભાગ્યોદય ફ્રેન્ડ્સ અર્બન કો-ઓપરેટીવ બેંકનું લાઇસન્સ રદ કર્યું.
- RBIએ વાણિજ્યિક બેંકોને 50% સુધી પ્રિ-કોવિડ ડિવીડન્ડ ચૂકવવાની મંજૂરી આપી.

- ન્યુઝીલેન્ડ ફાઇનાન્સિયલ ફર્મ્સ માટે ક્લાઈમેટ ચેન્જ કાયદો પસાર કરનાર વિશ્વનો પ્રથમ દેશ બનશે.
- PM કેર ફંડ્સમાંથી દેશના 551 જિલ્લાઓમાં મેડિકલ ઓક્સિજનના ઉત્પાદન માટે પ્રેશર સ્વિંગ એડ્સોર્પ્શન ઓક્સિજન પ્લાન્ટ શરૂ કરવામાં આવશે.
- ISRO ભારતનું ગગનયાન મિશન શરૂ થયા બાદ તેની સાથે સંપર્કમાં મદદ માટે સંચાર ઉપગ્રહ (ડેટા સેટેલાઈટ) લોન્ચ કરશે.
- મોબાઈલ ફોનમાં નેટવર્ક વિના પણ ઈન્ટરનેટ અને વાઈફાઈ સાથે સંકળાયેલ કાર્યો ચાલુ રાખવા માટે ગુગલે 'વાઈફાઈનોનસ્કેન' નામની એપ્લીકેશન લોન્ચ કરી.
- 30 એપ્રિલ: આયુષ્માન ભારત દિવસ.
- કિમ બૂ કયૂમને સાઉથ કોરિયાના નવા PM તરીકે નોમિનેટ કરવામાં આવ્યા.
- જસ્ટિસ રાજેશ બિંદલ કલકત્તા હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ નિયુક્ત.
- ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે વર્ગ ચારના એક લાખ જેટલા કોરોના વોરિયર્સને બે માસ ચાલે તેટલા અનાજ અને અન્ય ઘરગથ્થું ચીજવસ્તુઓની કીટ આપવાનો નિર્ણય કર્યો.
- એપોલો 11 મિશનના કમાન્ડ મોડ્યૂલ પાયલટ એસ્ટ્રોનોટ માઈકલ કોલિન્સનું નિધન. તેઓ ઈ.સ. 1969માં ચંદ્રના પ્રથમ માનવયુક્ત મિશન એપોલો 11ના ત્રણ ચાલકોમાંથી એક હતા. તેઓ ચંદ્રની કક્ષામાં રોકાયા હતા, જ્યારે તેમના અન્ય બે સહયોગીઓ નીલ આર્મસ્ટ્રોંગ અને બજ એલ્ડ્રીન ચંદ્ર પર પહોંચી ગયા હતા.
- પૂર્વ ઓસ્ટ્રેલિયન ક્રિકેટર બ્રેટ લિએ ઓક્સિજન સપ્લાયની મદદ માટે ભારતને 42 લાખ રૂપિયા ડોનેટ કર્યા.
- PM કેર ફંડ્સમાંથી કેન્દ્ર સરકાર એક લાખ પોર્ટેબલ ઓક્સિજન કોન્સન્ટ્રેટર ખરીદશે.
- પાકિસ્તાની હેકર મોહમદ બિલાલે ભાજપાના પ્રદેશ અધ્યક્ષ સી. આર. પાટીલની વેબસાઈટ હેક કરી.



12 પાસ, ગ્રેજ્યુએટ

# સરકારી નોકરી માટેની તૈયારી કરવા હવે બહાર ક્યાંય જવાની જરૂર નથી...

## અમદાવાદ, ગાંધીનગરની શ્રેષ્ઠ ફેકલ્ટીઝ આપના મોબાઈલમાં

લાખો વિદ્યાર્થીઓએ વખાણી

**Quality એટલે Crack GPSC**

## ઘરે બેઠાં તૈયારી કરો, મોબાઈલ કે ટેબ્લેટ પરથી

આ એપ ડાઉનલોડ કરી ફ્રી ડેમો વિડિયો જુઓ, આપને ખરેખર લાગશે કે કોઈ ક્લાસ કરવાની જરૂર જ નથી.

કલાસમાં જ ભણતા હોય તેવો અનુભવ




YouTube /Crack GPSC

## એક એપ, બધી પરીક્ષાઓ

UPSC, GPSC Class 1/2, PI, STI, PSI, ગુજ. શિક્ષણ સેવા, હિસાબી અધિકારી, Dy. SO, ડે. મામલતદાર, તલાટી, બિનસચિવાલય કલર્ક, ફોરેસ્ટ ગાર્ડ/ઓફિસર, કોન્સ્ટેબલ, મોટર વાહન નિરીક્ષક, TAT, TET, HTAT, Railway

ગૃહિણીઓ, ક્લાસ જોઈન ન કરી શકતા, સ્કૂલ-કોલેજના અભ્યાસ સાથે તૈયારી કરવા માગતા, અંતરિયાળ વિસ્તારમાં રહેતા, મોંઘી ફી ન ભરી શકતા, મેટ્રો સિટીમાં રહેવાનો ખર્ચ ન કરી શકતા, અપડાઉન કરતાં કરતાં તૈયારી કરવા માગતા, રિવિઝન કરવા માગતા વિદ્યાર્થીઓ માટે ખાસ.

## કોઈપણ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી આટલી સરળ ક્યારેય નહોતી...

## ડાઉનલોડ કરો Crack GPSC એપ અને તૈયારી કરો ગમે ત્યારે, ગમે ત્યાંથી

76000 51070

Crack G GPSC

ક્રેક GPSC